RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 348 Dt. 23-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# લખનઉ ગેમઝોન અગ્નિકાંડ : ૧૮ ભડથું

## અલીગંજમાં ગેમિંગ ઝોન અને કોચિંગ સેન્ટર ધરાવતી ઈમારતમાં આગઃ વડાપ્રધાન દ્વારા મૃતકોના પરિજનોને ૨ લાખ અને ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાયની જાહેરાત



બિલ્ડીંગના માલિક સહિત ચારની ધરપકડ

નવી દિલ્હી, તા.૨૨

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ગમખ્વાર દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. લખનઉના અલીગંજ વિસ્તારમાં પુરનિયા ચોરાહા પાસે આવેલી એક બહુમાળી ઈમારતમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હોવાની સત્તાવાર પુષ્ટિ થઈ ચૂકી છે. મૃત્યુ પામનાર મોટાભાગના યુવાનો ૨૦ થી ૨૪ વર્ષની નાની વયના હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે મૃતકોના પરિવારો પર આભ તૂટી પડ્યું છે.

શરૂઆતની માહિતીમાં આ અકસ્માત કોચિંગ સેન્ટર અથવા લાઈબ્રેરીમાં થયો હોવાનું કહેવાતું હતું. પરંતુ, બાદમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ ઈમારતમાં મોટા ભાગના કોચિંગ ક્લાસ અને એક ગેમિંગ ઝોન કાર્યરત હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર એક 'પેટ શોપ' (પ્રાણીઓની દુકાન) આવેલી છે, જ્યારે ઉપરના માળે ગેમિંગ ઝોન આવેલો છે. ગેમિંગ ઝોનમાં કર્મચારીઓ સોફ્ટવેર પર કામ કરી રહ્યા હતા તે જ દરમિયાન કોઈ કારણસર અચાનક આ ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ લાગતાં જ આખી બિલ્ડિંગમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા, જેના કારણે ત્યાં હાજર લોકોમાં ભારે અફરાતફરી અને ચીખપુકાર મચી ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે ઈમારતમાંથી બહાર નીકળવાનો રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. અંદર ફસાયેલા લોકો બચવા માટે છજ્જા અને ઈમારતના અન્ય હિસ્સાઓનો સહારો લેતા જોવા મળ્યા હતા. આ ભયાનક સ્થિતિ વચ્ચે એક વ્યક્તિએ પોતાનો જીવ બચાવવા માટે બિલ્ડિંગ પરથી નીચે છલાંગ લગાવી દીધી હતી, જેને અત્યંત ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ૧૪ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. આ ભયાનક અકસ્માત અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં લખ્યું કે, ''લખનઉમાં આગની દુર્ઘટનામાં થયેલી જાનહાનિથી અત્યંત દુઃખી છું. ઈજાગ્રસ્તો વહેલી તકે સ્વસ્થ થાય તેવી કામના.''આ સાથે જ વડાપ્રધાનશ્રીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (PMNRF) તરફથી સહાયની જાહેરાત કરતા જણાવ્યું છે કે મૃતકોના વારસદારોનેઃ રૂ. ૨,૦૦,૦૦૦ (બે લાખ)ની આર્થિક સહાય. ઈજાગ્રસ્તોનેઃ રૂ. ૫૦,૦૦૦ (પચાસ હજાર) ની સહાય કરવામાં આવશે.

### મુખ્યમંત્રી યોગી દ્વારા હાઈલેવલ તપાસના આદેશ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે આ ઘટનાની અત્યંત કડક નોંધ લીધી છે. તેમણે દુઃખ વ્યક્ત કરવાની સાથે પોતાના અલીગઢ પ્રવાસ સહિતના તમામ આગામી કાર્યક્રમો તાત્કાલિક અસરથી રદ કરી દીધા છે. સીએમ યોગી જાતે જ ઘટનાસ્થળની મુલાકાત લેશે અને હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તોની ખબર-અંતર પૂછવા જશે. નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે આ અંગે જણાવ્યું છે કે, આ અગ્નિકાંડની ઉચ્ચ સ્તરીય (High-level) તપાસના આદેશ આપી દેવાયા છે. સીએમ યોગીએ સ્પષ્ટ સૂચના આપી છે કે આ ઘટનામાં જે કોઈ પણ દોષિત જણાશે તેમની સામે સખતમાં સખત કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલ સ્થળ પર ડીએમ વિશાખ અને એડીસીપી નોર્થ ટ્રિંકલ જૈન સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો હાજર છે અને સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છે.

### દેશના દિગ્ગજ નેતાઓએ વ્યક્ત કર્યું દુઃખ

આ ગોઝારી ઘટના પર દેશના અનેક દિગ્ગજ નેતાઓએ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. દેશના રક્ષામંત્રી રાજનાથ સિંહ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, બસપા સુપ્રીમો માયાવતી અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સહિતના પ્રમુખ નેતાઓએ પીડિત પરિવારો પ્રત્યે પોતાની સંવેદનાઓ પાઠવી છે અને ઈજાગ્રસ્તોની ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરી છે.

# કોલેજિયમ કાર્યવાહી અંગે 'કોઈ વિવાદ નહિ : સુપ્રીમ

**બેન્ચે અવલોકન કર્યું કે માત્ર કોઈ વ્યક્તિ વરિષ્ઠતામાં ઉચ્ચ હોવાનો અર્થ એ નથી કે તે પદોન્નતિ માટે ભલામણ કરવા માટે હકદાર છે**

નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે સોમવારે હિમાચલ પ્રદેશના એક ન્યાયિક અધિકારી દ્વારા દાખલ કરાયેલી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો, અને ટિપ્પણી કરી હતી કે ''અમે કોલેજિયમની કાર્યવાહી અંગે પેન્ડોરા બોક્સ ખોલવા માંગતા નથી.'' અરજદારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે હિમાચલ પ્રદેશ હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે તેમનાથી જુનિયર અધિકારીઓના નામની ભલામણ કરવામાં આવી હતી.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જોયમલ્યા બાગચીની બેન્ચે અવલોકન કર્યું હતું કે આ એવા મુદ્દાઓ છે જ્યાં આખરે તે હાઈકોર્ટના કોલેજિયમની વ્યક્તિલક્ષી સંતોષ છે. શું ન્યાયિક રીતે, સુપ્રીમ કોર્ટ કોલેજિયમને કહી શકે છે કે તમે આ કરો કે તમે તે કરો અને તમે નામ પર વિચાર કરો? એવું થઈ શકતું નથી. અમે હાઇકોર્ટ કોલેજિયમ અથવા સુપ્રીમ કોર્ટ કોલેજિયમની કાર્યવાહી અંગે કોઈ વિવાદ ખોલવા માંગતા નથી.

અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ બલબીર સિંહે કહ્યું કે અરજદાર રાજ્યના સૌથી વરિષ્ઠ ન્યાયિક અધિકારી છે અને તેમની પાસે લગભગ ૧૦ વર્ષની સેવા બાકી છે. બેન્ચે અવલોકન કર્યું કે ફક્ત કોઈ વ્યક્તિ વરિષ્ઠતામાં ઉચ્ચ હોવાનો અર્થ એ નથી કે તે પદોન્નતિ માટે ભલામણ કરવા માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટે અરજીની સુનાવણી કરવામાં અનિચ્છા દર્શાવ્યા પછી, અરજદારે કહ્યું કે તે વહીવટી બાજુએ હાઈકોર્ટના સક્ષમ અધિકારી સમક્ષ યોગ્ય રાહતો મેળવવા અથવા ન્યાયિક બાજુએ ઉપાય મેળવવાની સ્વતંત્રતા સાથે અરજી પાછી ખેંચી લેશે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ૨ જૂનના રોજ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે ત્રણ ન્યાયિક અધિકારીઓ - ચિરાગ ભાનુ સિંહ,



ભૂપેશ શર્મા અને યોગેશ જસ્વાલ - ની નિમણૂકના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. સોમવારે સુનાવણી દરમિયાન, બેન્ચે અવલોકન કર્યું કે રેકોર્ડ પર એવું કંઈ નથી જે દર્શાવે છે કે હાઈકોર્ટ કોલેજિયમે અરજદારનું નામ નકારી કાઢ્યું છે. આ તબક્કે તમારી ઉમેદવારીનો કોઈ અસ્વીકાર નથી. કૃપા કરીને થોડી રાહ જુઓ.

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે હાઈકોર્ટ કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી ભલામણને સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા પહેલાથી જ મંજૂરી આપવામાં આવી છે. તેણે કહ્યું કે અરજદારનું નામ વિચારણા હેઠળ હોઈ શકે છે અથવા તેને મુલતવી રાખવામાં આવ્યું હોઈ શકે છે અને તેણે થોડી ધીરજ રાખવાની જરૂર છે. તમે આપેલી ઘટનાઓનું વર્ણન સ્પષ્ટપણે દર્શાવે છે કે વિચારણા કરવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે અરજદાર વહીવટી અથવા ન્યાયિક રીતે હાઈકોર્ટના સક્ષમ અધિકારી સમક્ષ ઉપાયોનો લાભ લઈ શકે છે.

# કિંમતી ખનીજો માટે US ભારત વચ્ચે ઐતિહાસિક કરાર

**ક્વાડ દેશોના આ સેક્ટરમાં ૨૦ અબજ ડોલરના જંગી રોકાણનું લક્ષ્યઃ લિથિયમ અને કોબાલ્ટ જેવા રેયર અર્થ મિનરલ્સ માટે ચીનની બ્લેકમેલિંગ નીતિનો અંત લાવવા ભારતની રણનીતિ**

નવી દિલ્હી, તા.૨૨

ભારતે ચીન પરની આર્થિક નિર્ભરતા સંપૂર્ણપણે ખતમ કરવાના ઉદ્દેશ્યથી ગત ૨૬ મે ૨૦૨૬ ના રોજ અમેરિકા સાથે રેયર અર્થ મિનરલ્સ એટલે કે કિંમતી ખનીજની સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવા માટે એક ઐતિહાસિક કરાર કર્યો છે. આ મહત્વપૂર્ણ સમજૂતી સાથે જ ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા એમ ચારેય ક્વાડ દેશોએ આ સેક્ટરમાં માઈનિંગ, પ્રોસેસિંગ અને રિસાયક્લિંગ માટે ૨૦ અબજ ડોલરનું રોકાણ કરવાનો મોટો લક્ષ્યાંક રાખ્યો છે. આ કરાર અંગે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે, આ ડીલનો મુખ્ય હેતુ મહત્વપૂર્ણ ખનીજ સપ્લાય ચેઈનમાં પરસ્પર સહયોગ વધારવાનો છે. જ્યારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ઉદ્યોગો માટે જરૂરી આ કિંમતી ખનીજોને કોઈપણ સંજોગોમાં ચીનના



ભરોસે છોડી શકાય નહીં, કારણ કે કટોકટીના સમયે ચીન તેનાથી મોટી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

લિથિયમ અને કોબાલ્ટ જેવા રેયર અર્થ મિનરલ્સ આજના આધુનિક યુગમાં અત્યંત જરૂરી છે, કારણ કે તેનો ઉપયોગ ઈલેક્ટ્રિક કારની બેટરી, સેમિકન્ડક્ટર ચિપ્સ, મિસાઈલ અને સ્માર્ટફોન જેવી અનેક વસ્તુઓ બનાવવામાં થાય છે. હાલમાં દુનિયાના ૮૦% પ્રોસેસિંગ અને ૯૪% નિકાસ પર એકલું ચીન કંટ્રોલ ધરાવે છે. જ્યારે પણ કોઈ દેશ સાથે વિવાદ થાય ત્યારે ચીન આ ખનીજોની સપ્લાય અટકાવીને બ્લેકમેલિંગ કરે છે, જે આખી દુનિયા માટે ચિંતાનો વિષય છે. ચીનનો આ જ ઈજારો તોડવા માટે હવે ભારતે નક્કર પગલાં લીધા છે.

ભારતીય સરકારી કંપની 'કાબિલ' (KABIL) એ આર્જેન્ટિનામાં ૫ લિથિયમ બ્લોક વિકસાવવા માટે કરાર કર્યા છે. આ ઉપરાંત ભારતે જાપાન, ઓસ્ટ્રેલિયા અને મ્યાનમાર સાથે પણ મહત્વપૂર્ણ કરાર કર્યા છે. ભારત માટે સકારાત્મક બાબત એ છે કે દેશ પાસે ૭૦ લાખ ટનનો દુનિયાનો પાંચમો સૌથી મોટો ભંડાર છે, પરંતુ પ્રોસેસિંગ ટેકનોલોજીની અછત એક મોટો પડકાર છે. હાલમાં ભારતની રિફાઈનિંગ ક્ષેત્રે ક્ષમતા સ્થાનિક માંગના ૨૫% કરતા પણ ઓછી છે, જેને વધારવા અને ભવિષ્યની જરૂરિયાતોને સુરક્ષિત કરવા માટે અમેરિકા સહિતના દેશો સાથેની આ ભાગીદારી અત્યંત નિર્ણાયક સાબિત થશે.

# કોંગોમાં ઈબોલા વાયરસથી ૨૫૪ મોત

**સંક્રમિતોનો આંકડો ૧૦૦૦ ને પાર, અત્યંત ખતરનાક ગણાતા 'બુંડી-બુગ્યો' વિષાણુથી ફેલાતા જીવલેણ રોગ સામે દુનિયા પાસે કોઈ રસી કે દવા ઉપલબ્ધ નથીઃ શ્વાસ દ્વારા ઝડપથી ફેલાતો હોવાથી સંક્રમિતોને શોધવા પ્રશાસન માટે પડકારજનક બરફાચ્છાદિત ખીણોમાં વસતા ગામડાઓમાં પહોંચવું અત્યંત મુશ્કેલ**

નવી દિલ્હી, તા.૨૨

આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના પૂર્વ ક્ષેત્રમાં હાલમાં ઇબોલા વાયરસે અત્યંત ગંભીર અને ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું છે. કોંગોમાં ફેલાયેલી આ મહામારી ધીમે ધીમે આખા દેશને પોતાના ભરડામાં લઈ રહી છે. પ્રાપ્ત આંકડાઓ મુજબ, આ જીવલેણ ઇબોલા વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૦૦૩ સુધી પહોંચી ગઈ છે, જ્યારે ૨૫૪ લોકોએ આ જાનલેવા બીમારીના કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. દિન-પ્રતિદિન વધતા જતા આ મૃત્યુઆંક અને સંક્રમણના વ્યાપને કારણે સ્થાનિક પ્રશાસન અને આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંગઠનોની ચિંતામાં ભારે વધારો થયો છે. કોંગોની સ્થાનિક ન્યૂઝ એજન્સી બુલિયા દ્વારા ત્યાંના સ્વાસ્થ્ય મંત્રાલયને ટાંકીને બહાર પાડવામાં આવેલા અહેવાલોમાં જણાવાયું છે કે, આ વિસ્તારમાં ઇબોલા વાયરસનો આ જીવલેણ પ્રકોપ સૌથી પહેલાં ૧૫ મી મે ના રોજ પ્રકાશમાં આવ્યો હતો. ત્યારથી લઈને અત્યાર સુધીમાં પરિસ્થિતિ સતત વણસી રહી છે. જોકે, થોડી રાહતના સમાચાર એ છે કે અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા દર્દીઓ આ ગંભીર બીમારીને મ્હાત આપીને સાજા થઈ શક્યા છે, જ્યારે અન્ય ૩૬૫ જેટલા દર્દીઓને હાલમાં દેશની જુદી જુદી સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે. છતાં પણ રોગની ગંભીરતા જોતા આ આંકડો હજુ પણ વધી શકે તેવી પુરેપુરી શક્યતા છે.

આ બીમારીના તબીબી પાસાઓ વિશે વાત કરતા વરિષ્ઠ તબીબો અને વૈજ્ઞાનિકો જણાવે છે કે, કોંગોમાં ફેલાયેલો આ ઇબોલા વાયરસ ખરેખર ભાગ્યે જ જોવા મળતા બુંડી-બુગ્યો વિષાણુની શ્રેણીનો છે. આ વિષાણુ એટલો ખતરનાક અને જટિલ છે કે સમગ્ર વિશ્વના મેડિકલ સાયન્સ પાસે હાલમાં તેની સામે રક્ષણ આપતી કોઈ જ નિશ્ચિત રસી કે તેને મટાડી શકે તેવી કોઈ સચોટ ઔષધી ઉપલબ્ધ નથી. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોના પાટનગર લીયો પોલ્ડ વિલો સ્થિત વહીવટી અધિકારીઓ પણ પરિસ્થિતિની ગંભીરતા સ્વીકારતા જણાવે છે કે, સત્તાવાર આંકડાઓ કરતા વાસ્તવમાં સંક્રમિતોની સંખ્યા ઘણી વધુ હોઈ શકે છે. વહીવટીતંત્રને એ વાતનો પણ સતત ભય સતાવી રહ્યો છે કે જો સમયસર આ વાયરસ પર કાબૂ નહીં મેળવવામાં આવે તો નજીકના ભવિષ્યમાં આ જીવલેણ રોગનું નવું અને વધુ ખતરનાક મોજું ફરીથી આવી શકે છે.

આ મહામારી સામે લડવામાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આ ઇબોલા વાયરસ માત્ર શારીરિક સંપર્કથી જ નહીં, પરંતુ દર્દીના શ્વાસ દ્વારા પણ ફેલાઈ શકે છે. વરિષ્ઠ તબીબોના મતે, આ હવાજન્ય લક્ષણના કારણે જે વ્યક્તિ રોગીના સીધા સંપર્કમાં ન હોય, પરંતુ માત્ર તેની આસપાસ કે નજીકના વિસ્તારમાં શ્વાસ લઈ રહી હોય, તે પણ આસાનીથી આ વિષાણુથી સંક્રમિત થઈ જાય છે. આ જ કારણથી સંક્રમિતોના સંપર્કમાં આવેલા અન્ય લોકોને શોધવા કે ટ્રેસ કરવા પ્રશાસન માટે લોઢાના ચણા ચાવવા સમાન મુશ્કેલ બની ગયું છે. બીજી તરફ, ભૌગોલિક પરિસ્થિતિઓ પણ બચાવ કામગીરીમાં મોટો અવરોધ ઉભી કરી રહી છે. કોંગો પ્રશાસન પોતાના તરફથી પૂરેપૂરા પ્રયત્નો કરી રહ્યું છે, પરંતુ બરફાચ્છાદિત પર્વતોની દુર્ગમ ખીણોમાં



આવેલા અને અત્યંત અંતરિયાળ ગણાતા નાના-નાના ગામડાંઓ સુધી પહોંચવું સ્વાસ્થ્ય કર્મીઓ માટે અત્યંત મુશ્કેલ છે. રસ્તાઓના અભાવ અને કઠિન ભૌગોલિક રચનાને કારણે ત્યાં રહેલા રોગીઓ વિશે તપાસ કરવી અને તેમને સારવાર આપવી એ વર્તમાન સમયનું સૌથી કપરૂં કામ બની ગયું છે, જે દર્શાવે છે કે આ મહામારી સામેનો જંગ હજુ ઘણો લાંબો ચાલવાનો છે.


# ગૌચરની જમીન તાકીદે ખૂલ્લી કરાવો : મુખ્યમંત્રી

## પુનર્વસન અંતર્ગત મળવા પાત્ર જમીન, રિ-સરવે અંગેના પ્રશ્નોનું તાકિદે નિરાકરણ લાવવા, અરજદારોની રૂબરૂ કે લેખિત રજૂઆતોને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ નિરાકરણ કરવા મુખ્યમંત્રીની સૂચના

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂન-૨૦૨૬ના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોના પ્રશ્નોના ઝડપી, પારદર્શક અને સમયબદ્ધ નિરાકરણ માટે સંબંધિત વિભાગો અને જિલ્લા વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપી હતી.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, જિલ્લા સ્તરના અધિકારીઓએ અરજીઓનો પૂરતો અભ્યાસ કરીને જિલ્લા કક્ષાએ જ હકારાત્મક અથવા નકારાત્મક નિર્ણય લેવો જોઈએ. જો પ્રશ્ન રાજ્ય સરકારના કાર્યક્ષેત્રનો હોય તો વિલંબ વિના દરખાસ્ત રાજ્ય સરકારને મોકલવી જોઈએ. અરજદારોને લાંબા સમય સુધી નિર્ણયની રાહ જોવી ન પડે તે સુનિશ્ચિત કરવાં મુખ્યમંત્રીએ કહ્યું હતું. મુખ્યમંત્રીએ જૂન-૨૦૨૬ મહિનાના રાજ્યકક્ષાના સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રત્યક્ષ રજૂઆતો લઈને આવેલા સામાન્ય માનવીઓની રજૂઆતો સંવેદનાપૂર્વક સાંભળી હતી. દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં



આવતો રાજ્ય સ્વાગત આ વખતે ૨૩થી ૨૫ જૂન સુધી રાજ્યભરમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવના કારણે તા.૨૨ જૂન, સોમવારે યોજાવામાં આવ્યો હતો.આ રાજ્ય સ્વાગતમાં ૧૨૦થી વધુ અરજદારો પોતાની રજૂઆતો સાથે મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સ્વાગતમાં ૨૨૨૮ અને તાલુકા સ્વાગતમાં ૨૮૫૪ સહિત સમગ્રતયા ૫૨૦૦ અરજદારોની રજૂઆતો અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ છોટાઉદેપુર, મહેસાણા જિલ્લાના ખેડૂતોએ પુનર્વસન અંતર્ગત મળવાપાત્ર જમીન, ગૌચર જમીન પર થયેલા દબાણ, જમીન રિ-સરવેમાં વિસંગતા અંગે રજૂઆત મળી હતી.

છોટાઉદેપુર જિલ્લાના એક અરજદારે સિંચાઈ યોજનાના કારણે તેમની જમીન ડૂબમાં જતાં પુનર્વસન અંતર્ગત મળવાપાત્ર જમીન લાંબા સમયથી ફાળવવામાં ન આવ્યાની રજૂઆત કરી હતી. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક જમીન ફાળવણી કરવા સૂચના આપતાં જણાવ્યું કે, બે જિલ્લાઓના કલેક્ટરો તેમજ સિંચાઈ વિભાગ વચ્ચે સંકલનના અભાવે અરજદારને વારંવાર ધક્કા ખાવા પડે તે યોગ્ય નથી. મુખ્યમંત્રીએ સિંચાઈ વિભાગની મુખ્ય જવાબદારી નક્કી કરી ૩૦ દિવસમાં વૈકલ્પિક જમીન ફાળવવા સૂચના આપી હતી.

મહેસાણા જિલ્લાના એક અરજદારે રિ-સરવેના કારણે જમીનના ક્ષેત્રફળમાં ઘટાડો થવાની રજૂઆત કરતાં મુખ્યમંત્રીએ તાત્કાલિક માપણી કરીને ક્ષેત્રફળની ક્ષતિ સુધારવાની કાર્યવાહી ૧૫ દિવસમાં પૂર્ણ કરવા જિલ્લા કલેક્ટરને સૂચના આપીને જમીન માપણી અને રિ-સરવે ક્ષેત્રફળ સુધારાના પ્રશ્નોમાં ઈંક્છ કચેરીને જવાબદારીપૂર્વક કાર્ય કરી ખેડૂતોના પ્રશ્નોનું સમયમર્યાદામાં નિરાકરણ લાવવા તાકીદ કરી હતી. વારંવાર મામલતદાર અને ઈંક્છ વચ્ચે બિનજરૂરી પત્ર વ્યવહાર ટાળીને, સંકલનથી ખેડૂતોના આવા પ્રશ્નોનું નિયત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા અંગે યોગ્ય મોનિટરિંગ કરવા સંબંધિતોને મુખ્યમંત્રીએ સૂચના આપી.

વિસનગર તાલુકામાં ગૌચર જમીન પર થયેલા દબાણ અંગે જિલ્લા સ્વાગતમાં નિર્ણય લેવાયા પછી પણ કાર્યવાહી વિલંબિત રહેતા અને દબાણ દૂર ન થતાં મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરને તાત્કાલિક અસરથી ગૌચર જમીન પરથી દબાણ દૂર કરવાની સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે જિલ્લા કક્ષાના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેક્ટર યોગ્ય સત્તાધિકારી છે અને તેમણે આગેવાની લઈ લોકોના પ્રશ્નોનો સમયસર અને અસરકારક નિર્ણય કરવો જોઈએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગતમાં આવેલી બધી જ રજૂઆતોમાં જનહિતકારી સંવેદના દાખવીને ઝડપી નિવારણ અંગેનો અભિગમ દર્શાવી પ્રો-પીપલ ગવર્નન્સની અનુભૂતિ કરાવી હતી.

આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, સચિવ ડો. અજય કુમાર તેમજ ખાસ ફરજ પરના અધિકારીઓ ધીરજ પારેખ અને રાકેશ વ્યાસ તથા સબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી સમગ્ર આવેલી આવેલી રજૂઆતો સંદર્ભમાં સંબંધિત જિલ્લા કલેકટરો અને તંત્ર વાહકો વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને પૂરક વિગતો તેમજ માહિતી પૂરી પાડી હતી.

# પૂર્વ અગ્નિવીરો માટે સરકારી નોકરીના દ્વાર ખુલ્યા!

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જાહેરાતઃ પોલીસ, જેલ અને વન વિભાગની વર્ગ-૩ની ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને મળશે સીધો લાભ

ગાંધીનગર, તા.૨૨

ભારતીય સેનામાં 'અગ્નિવીર' તરીકે દેશની સેવા કરીને પરત ફરેલા યુવાનોના સુરક્ષિત ભવિષ્ય માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે પૂર્વ અગ્નિવીરોને ગુજરાત સરકારના વિવિધ વિભાગોની વર્ગ-૩ (Class-3) સંવર્ગની સીધી ભરતીમાં વિશેષ લાભ આપવાની સત્તાવાર જાહેરાત કરી છે.



આ નિર્ણયથી દેશ માટે પોતાનું યોગદાન આપનાર યુવાનો હવે રાજ્યની આંતરિક સુરક્ષા અને વ્યવસ્થાપનમાં પણ મહત્વનો ભાગ ભજવી શકશે. પૂર્વ અગ્નિવીરોને નિયત કરાયેલા વિવિધ વિભાગોની વર્ગ-૩ની સીધી ભરતીમાં સીધી ૨૦% અનામત ફાળવવામાં આવશે.સેનામાં સખત ટ્રેનિંગ લઈ ચૂકેલા આ યુવાનોને રાજ્ય સરકારની ભરતીની શારીરિક ક્ષમતા કસોટી (Physical Test) આપવાની રહેશે નહીં.સામાન્ય પૂર્વ અગ્નિવીરોને ઉપલી વય મર્યાદામાં ૩ વર્ષની છૂટ મળશે, જ્યારે અગ્નિવીર સ્કીમની પ્રથમ બેચના સભ્યોને ૫ વર્ષ સુધીની ખાસ છૂટછાટ આપવામાં આવશે. મુખ્યમંત્રીના દિશા નિર્દેશો મુજબ, વિભાગોની સીધી ભરતીમાં આ અનામત અને છૂટછાટ લાગુ પડશે જેમાં રાજ્ય પોલીસ દળ (હથિયારી વિભાગ) માં હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર (PSI) અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, એસ.આર.પી. (SRP) દળમાં પ્લાટૂન કમાન્ડર અને પોલીસ કોન્સ્ટેબલ, જેલ વિભાગમાં જેલર ગૃપ-૨ અને જેલ સિપાઈ તેમજ વન અને પર્યાવરણ વિભાગમાં વનરક્ષક (Forest Guard) - વર્ગ ૩ અને વન પાલ (Forester) - વર્ગ ૩નો સમાવેશ થાય છે.

ગુજરાત સરકારનો આ નિર્ણય દર્શાવે છે કે સરકાર સેનાના જવાનોના ત્યાગ અને સેવાનું સન્માન કરે છે. આનાથી ગુજરાતના વધુને વધુ યુવાનો 'અગ્નિવીર' યોજના હેઠળ સેનામાં જોડાવા માટે પ્રોત્સાહિત થશે, કારણ કે ૪ વર્ષની દેશસેવા બાદ પણ તેમનું ભવિષ્ય રાજ્ય સરકારની સન્માનજનક નોકરી સાથે સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે.

# 'નમો લક્ષ્મી' - 'નમો સરસ્વતી' એ કન્યા કેળવણીને આપ્યો વેગ

ગાંધીનગર, તા.૨૨

ગુણવત્તાયુક્ત શિક્ષણના વિઝનને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. રાજ્યની દીકરીઓને ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરવા પ્રોત્સાહિત કરતી 'નમો લક્ષ્મી યોજના' અને વિજ્ઞાન પ્રવાહના વિકાસ માટેની 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' ના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી અને પ્રવેશમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રના ઓનલાઇન મોનિટરિંગના આધારે ગત એક જ વર્ષમાં શિક્ષણ જગતમાં આવેલા સકારાત્મક બદલાવની વિગતો જોઈએ તો આર્થિક મુશ્કેલીના કારણે દીકરીઓનું શિક્ષણ અધવચ્ચેથી છૂટી ન જાય તે હેતુથી શરૂ કરાયેલી આ યોજનાના પરિણામે કન્યા કેળવણીને મોટો વેગ મળ્યો છે.

ધોરણ-૯ થી ૧૨ના વર્ગખંડોમાં ૮૦ટકા હાજરી આપનારી વિદ્યાર્થિનીઓની સંખ્યા વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૭૧,૯૮૮ હતી, જે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૨,૯૬,૪૯૫ થઈ ગઈ છે. એટલે કે એક જ વર્ષમાં ૧,૨૪,૫૦૭ દીકરીઓનો (૭૩ટકા નો) વધારો થયો છે.શાળાએ નિયમિત જતી એટલે કે ૧૦૦ટકા હાજરી આપનારી દીકરીઓની સંખ્યામાં પણ ગત વર્ષે ૬૨,૦૫૯ નો નોંધપાત્ર વધારો થયો છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં પ્રવેશ લેનારી કન્યાઓની કુલ સંખ્યા ૧૩,૨૯,૭૬૨ થી વધીને ૧૩,૯૧,૩૦૮ (અંદાજે ૪.૬૩ ટકા નો વધારો) થઈ છે. જેમાં ધોરણ-૧૨માં સૌથી વધુ ૧૩.૫૯ટકા નો વધારો નોંધાયો છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા અત્યારસુધીમાં દીકરીઓને કુલ રૂ. ૧૬૬૪.૦૬ કરોડ ની માતબર સહાય ચૂકવવામાં આવી છે.



એક જ વર્ષમાં ૭૩ ટકા એટલેકે ૧,૨૪,૫૦૭ દીકરીનો વધારો

ગુજરાતના યુવાનો વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં આગળ વધી આત્મનિર્ભર બને તે માટે શરૂ કરાયેલી આ યોજનાના અત્યંત હકારાત્મક પરિણામો મળ્યા છે. વિજ્ઞાન પ્રવાહના વર્ગોમાં ૮૦ટકા થી ૧૦૦ટકા સુધીની હાજરી આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા વર્ષ ૨૦૨૪-૨૫માં માત્ર ૧૯,૩૨૪ હતી, જે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૪૩,૫૩૩ થઈ ગઈ છે. એટલે કે ગત એક વર્ષમાં હાજરીમાં ૧૨૫ટકા નો અદ્ભુત વધારો જોવા મળ્યો છે. સાયન્સ સ્ટ્રીમમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૪૦,૫૫૬ થી વધીને ૨,૫૫,૮૦૩ (અંદાજે ૬.૩૪ ટકા નો વધારો) થઈ છે. ખાસ કરીને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૧.૦૪ ટકા નો વધારો નોંધાયો છે. જયારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અત્યારસુધીમાં કુલ રૂ. ૨૯૦ કરોડ ની સહાય રાશી ચૂકવવામાં આવી ચૂકી છે.

'શિક્ષણમાં દેશને સફળ બનાવવાની, દેશનું ભાગ્ય બદલવાની તાકાત રહેલી છે.' તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલા 'શાળા પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી રથયાત્રા' ના પાયા પર આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નવીનતમ યોજનાઓ થકી ભવ્ય ઈમારત ચણી રહ્યા છે. નમો લક્ષ્મી યોજના સુનિશ્ચિત કરે છે કે રાજ્યની કોઈ પણ દીકરી આર્થિક તંગીના કારણે શિક્ષણથી વંચિત ન રહે અને તેનો માનસિક તેમજ શારીરિક વિકાસ ઉત્તમ થાય. નમો સરસ્વતી યોજના ગુજરાતના યુવાધનને ગ્લોબલ લેવલ પર સ્પર્ધા કરવા માટે ટેક્નોલોજીના સથવારે મજબૂત બનાવી રહી છે. ગુજરાત સરકારના આ ભગીરથ પ્રયાસો આગામી સમયમાં વિકસિત ગુજરાતથી વિકસિત ભારત -૨૦૪૭ ના સ્વપનને સાકાર કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે તેવું સરકારનું માનવું છે.

રાજકોટના ટી અને ફુડ લવર્સ માટે નવું નજરાણું

# 'ઝાફ્સ ટી એન્ડ કેફે'નો ભવ્ય શુભારંભ

રાજકોટ, તા.૨૨

રાજકોટની શાનદાર કેફે કલ્ચરમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે! શહેરના ચા-પ્રેમીઓ અને ફૂડ લવર્સ માટે જામનગર રોડ પર એક નવા અને આકર્ષક ડેસ્ટિનેશન 'ઝાફ્સ ટી એન્ડ કેફે' નો રવિવાર, ૨૧ જૂન ૨૦૨૬ના રોજ અત્યંત ઉત્સાહભેર અને ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે.

શહેરના સામાજિક, રાજકીય અને વ્યાપારી આગેવાનોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં આ ઉદઘાટન સમારોહ ભવ્યતાથી સંપન્ન થયો હતો.

બી.એ. ડાંગર મેડિકલ કોલેજ નજીક, સૂર્યકાંત હોટલની બાજુમાં, જામનગર રોડ, ખાતે શરુ થયેલા 'ઝાફ્સ ટી એન્ડ કેફે'ના ઉદઘાટન સમારોહમાં નરેન્દ્રસિંહ જાડેજા (અકિલા ન્યૂઝ), નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભાઈ) (વોર્ડ નં. ૩ ના કોર્પોરેટર), કશ્યપભાઈ શુક્લ (ભાજપ પ્રદેશ મંત્રી), યુસુફભાઈ જુનેજા (જાણીતા ઉદ્યોગપતિ), ગાયત્રીબા વાઘેલા (પૂર્વ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ) તેમજ અતુલભાઈ રજાણી (પૂર્વ કોર્પોરેટર), રાજકોટ શહેર ભાજપ એસટીએસસી સેલનાના પ્રમુખ હિતેશભાઈ ગોહેલ, માજી સ્ટેન્ડિંગ ચેરમેન યુવરાજસિંહ સરવૈયા,એસીબી પીઆઈ ખોખર, હોટેલ



વ્હાઈટ પેલેસના માલિક અન્સારીભાઈ, યુવા એડવોકેટ રામદેવસિંહ ઝાલા, ક્ષત્રીય આગેવાન પૃથ્વીસિંહ જાડેજા(સરપંચ), એડવોકેટ અજયસિંહ ચૌહાણ, એડવોકેટ કિરીટસિંહ ચુડાસમા, ખેમચંદભાઈ(સિંધી આગેવાન), આઈ.કે. સિલેકશનવાલા આઈ.કે. દાનીશ શેખ, ગણેશ પારવાણી, સંજયભાઈ, યુનિવર્સીટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ બેલીમ, બી.કે.જાડેજા, વિજય પારેખ(સાંજ સમાચાર), હસુભા જાડેજા, ખોડુભા જાડેજા, ઘંટેશ્વર પાર્ક ઇન્દોર સ્ટેડીયમ મેનેજર અનવરભાઈ ઠેબા, જુણેજા સ્ટેડ ફાર્મના હનીફભાઈ જુણેઝા, ચીયર્સ હોસ્પિટલ જુનેદ શેખ, આઈ.કે. ફિટનેસ મોહસીનખાન પઠાણ, આદીલ સમા સહિતના રાજકોટના અગ્રણીઓએ ખાસ હાજરી આપીને કેફેના સંચાલકોને આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી



ઝાફ્સ ટી એન્ડ કેફે'ની ખાસિયત જોવા મળી હતી કે, પરિવાર અને મિત્રો માટે બેસ્ટ પ્લેસ ગણાવાઈ રહ્યું છે. રાજકોટની યુવા પેઢી અને પરિવારો માટે ક્વોલિટી ટાઈમ પસાર કરવા માટેનું એક ઉત્તમ સ્થળ મનાય છે. અહીં માત્ર ચાનો સ્વાદ જ નહીં, પરંતુ ગુણવત્તાયુક્ત નાસ્તો પણ પીરસવામાં આવશે. બિઝનેસ મીટિંગ્સ કે પ્રોફેશનલ મુલાકાતો માટે એકદમ શાંત અને અનુકૂળ માહોલ હોવાનું જોવા મળે છે.

આ સુંદર પ્રોજેક્ટને સાકાર કરવા અને રાજકોટવાસીઓને એક શાનદાર ભેટ આપવા બદલ આયોજકો મોઈનભાઈ એચ. બેલીમ, સુમેરભાઈ આઈ. હાલા અને ફરહાનભાઈ એફ. બોબડિયા એમ ત્રણેયને સગા, સ્નેહીઓ ઉપરાંત મિત્ર વર્તુળ તરફથી ઢેર સારી શુભકામના મળી રહી છે. 'ઝાફ્સ ટી એન્ડ કેફે' રાજકોટના લોકોના હૃદયમાં વિશેષ સ્થાન જમાવે અને ખૂબ પ્રગતિ કરે તેવી હિતેચ્છુઓ દ્વારા મંગલ કામનાઓ મળી રહી છે.

# અયોધ્યા દાન વિવાદ પર શિવસેનાનો ભાજપ પર સણસણતો આક્ષેપ

## બધા લૂંટારાઓ અમિત શાહના ખોળામાં બેઠા હોવાનો ઉદ્ધવ ઠાકરેનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૨

શિવસેના (UBT) એ સોમવારે અયોધ્યા રામ મંદિરમાં દાનમાં કથિત અનિયમિતતાઓ પર ભાજપ પર પ્રહાર કર્યા, અને દાવો કર્યો કે આ કથિત ''લૂંટ'' કાયદો અને વ્યવસ્થાની નબળાઈ દર્શાવે છે. પાર્ટીએ ભાજપ પર રામ મંદિરમાં ''લૂંટ'' કરવાનો આરોપ મૂક્યો અને આ મુદ્દા પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધ્યું છે.

તંત્રીલેખમાં લખ્યું હતું કે, ''દેશે હવે જોયું છે કે 'મંદિર વિકાસ'નો ખરેખર શું અર્થ થાય છે - એટલે કે, અયોધ્યાના રામ મંદિરમાં દેવતાની દાનપેટીઓની લૂંટ. રામ મંદિરમાં દાન, સોનું, ચાંદી અને ઘરેણાં બેશરમીથી લૂંટાયા હતા. કાર સેવકોએ પોતાનું લોહી વહેવડાવ્યું અને રામ મંદિર માટે અંતિમ બલિદાન આપ્યું, છતાં ભાજપે તે જ મંદિર લૂંટ્યું. જે રીતે ગઝનીના મહમૂદે સોમનાથ મંદિર લૂંટ્યું, તેવી જ રીતે ભાજપે રામ મંદિર લૂંટ્યું છે. રામ મંદિરમાં દાનપેટીની લૂંટ કાયદો અને વ્યવસ્થાના સંપૂર્ણ પતન છે. તેઓ રામ મંદિરનું રક્ષણ પણ કરી શકતા નથી, છતાં તેમની પાસે આપણા અંબાબાઈ મંદિરના વિકાસ વિશે વાત કરે છે.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT) એ પણ આરોપ લગાવ્યો છે કે કથિત ''લૂંટારાઓ'' અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે સાંઠગાંઠ છે. છેલ્લા દાયકામાં દેશભરમાં ઘણા મોટા મંદિરો લૂંટાઈ ગયા છે, અને આ બધા લૂંટારાઓ ભાજપમાં જ છે, શ્રી અમિત શાહના ખોળામાં બેઠા હોય તેવું લાગે છે. આ તેમનો મહારાષ્ટ્રનો વિરોધ છે. તેઓ પોતે રામ મંદિરના લૂંટારાઓ અને લોકશાહીના હત્યારા છે. આ લોકો, જેમણે સ્વતંત્રતા સંગ્રામમાં કોઈ યોગદાન આપ્યું નથી, તેઓ ઠાકરે પર આંગળી ચીંધવાની હિંમત કરે છે. આ શાહના બગડતા માનસિક સ્વાસ્થ્યની નિશાની છે.

# પ્રગતિનો પ્રવેશોત્સવ થીમ સાથે શાળા પ્રવેશ

## ૧૧ તાલુકાની ૮૦૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ મેળવશે શિક્ષણ

રાજકોટ, તા. ૨૨

આજથી ત્રણ દિવસ શાળા પ્રવેશોત્સવનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે ત્યારે પ્રગતિનો પ્રવેશોત્સવની થીમ સાથે આજથી કામગીરી શરૂ કરવામાં આવશે. જિલ્લામાં ૨૩મી જૂનથી ૧૧ તાલુકા ની ૮૦૦થી વધુ શાળાઓમાં તે દિવસથી આ પ્રવેશોત્સવ શરૂ થઈ રહ્યો છે. આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. સહિતના વરીષ્ઠ અધિકારીઓ બાળકોનો શાળા-પ્રવેશ કરાવશે.

આ વર્ષે જિલ્લામાં ૧૧ તાલુકામાં ૬૯ જેટલા રૂટની ૮૦૦થી વધુ શાળાઓમાં પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. આ દરમિયાન આઈ.એ.એસ. નેહાકુમારી (મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન), આઈ.પી.એસ. વલય વૈદ્ય (સ્ટાફ ઓફિસર, ડી.જી.પી. ઓફિસ), આઈ.પી.એસ. સાહિત્ય વી. (એસ.પી. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ, ગાંધીનગર), આઈ.એફ.એસ. જી.આર. મુર્થી (એ.પી.સી.સી. સી.એફ. નાણાકીય પ્રબંધન અને આયોજન, ગાંધીનગર), જ્વાલરી ઝા, સંયુક્ત સચિવ (સ્કૂલ કંટ્રોલ, ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી એજ્યુ. બોર્ડ) સહિતના ઉચ્ચ અધિકારીઓ વિવિધ રૂટની શાળાઓમાં ઉપસ્થિત રહીને કુમાર તેમજ કન્યા છાત્રોનો શાળાપ્રવેશ કરાવીને શિક્ષણને પ્રોત્સાહન આપશે.



આ અધિકારીઓ દ્વારા શાળાની મુલાકાત લઈને માળખાકીય સુવિધાઓ તેમજ વાલીઓ સાથે મીટિંગ કરીને શાળાકીય શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા માટે તેમજ વિદ્યાર્થીઓની નિયમિત રીતે અભ્યાસ કરે તે બાબતે મંથન પણ કરવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લામાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ' શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના આયોજન અંગે જ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજવામાં આવી હતી.

ઉપરાંત ધો.૯થી ૧૨ના ડ્રોપઆઉટ છાત્રોના પુનઃ શાળાપ્રવેશ પર તેમણે ખાસ ભાર મુક્યો હતો. પ્રવેશોત્સવમાં જનારા અધિકારીઓને તેમણે પ્રવેશોત્સવ બાદ શાળાની મુલાકાત લઈ તેમજ શિક્ષકો-વાલીઓ સાથે બેઠક કરીને શાળામાં શિક્ષણની ગુણવત્તા વધે તેવા પ્રયાસો કરવા પણ જણાવ્યું હતું. આ તકે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદે એક શાળાની મુલાકાતનું ઉદાહરણ રજૂ કરીને દિવ્યાંગ બાળકોના શાળા-પ્રવેશ અને અભ્યાસ પ્રત્યે સકારાત્મક માહોલ સર્જવા પર ભાર મુક્યો હતો. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલ સહિતના વિવિધ અધિકારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

### વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટની ટકાવારી ઘટાડવા મથામણ

**ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની સંખ્યામાં અનેક ગણો વધારો જોવા મળ્યો છે. ત્યારે આજથી શાળા પ્રવેશોત્સવ શરૂ થઈ ચૂક્યો છે અને ડ્રોપઆઉટની ટકાવારી આ વખતે ઘટે તે માટે હાલ મથામણ પણ ચાલી રહી છે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા અનેક વખત કહેવામાં આવ્યું છે કે સરકાર અને સ્થાનિક પ્રશાસન ખાસ આ બાબતે વિચારવી મળશે કરી રહ્યું છે પરંતુ જે ટકાવારીનું પ્રમાણ છે તે સતત વધે છે ત્યારે વધુમાં વધુ બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડાઈ અને ખાસ વાલીઓ જાગૃત થાય તે હેતુસર આ કામગીરી હાથ ધરાશે.**



# લેન્ડગ્રેબિંગમાં બે FIR

## બેઠકમાં ૩૬ કેસોની સુનાવણી , ૧૨ અરજદારોને રૂબરૂ કમીટી સમક્ષ કરાયા રજૂ

રાજકોટ, તા. ૨૨

જ્યારે કોઈ વ્યક્તિ કે સંસ્થા અન્ય કોઈ વ્યક્તિ, સમાજ કે સરકારની માલિકીની કીમતી જમીન પર ગેરકાયદેસર રીતે, ધાક-ધમકીથી, નકલી દસ્તાવેજો બનાવીને અથવા બળજબરીથી કબજો કરી લે, ત્યારે તેને 'લેન્ડ ગ્રેબિંગ' કહેવામાં આવે છે. ગેરકાયદે જમીન પચાવી પાડનારા સામે કડક કાર્યવાહી થાય તે માટે રાજ્ય સરકારે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ ૨૦૨૦ કાયદો લાગુ કર્યો છે. જે હેઠળ કલેક્ટર કચેરીમાં ૧૦ અરજી આવી છે. જેની તપાસ બાદ નવા વર્ષે આરોપીઓ સામે ગુના નોંધાઈ શકે છે. કલેક્ટર કચેરીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ ૨૦૨૦ હેઠળ સરકારે નવો કાયદો બનાવ્યો છે. જેની હેઠળ કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાએ કમિટી પણ બનાવાઈ છે.

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને લેન્ડગ્રેબીંગ કમીટીની બેઠકમાં રાજકોટ ગ્રામ્યના બે કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાનો કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા આદેશ કરવામાં આવેલ હતો. આ બેઠકમાં ૩૬ કેસોની સુનાવણી કરવામાં આવી હતી જેમાં ૧૨ જેટલા અરજદારોને રૂબરૂ કમીટી સમક્ષ બોલાવી સુનાવણી કરવામાં આવી હતી. જયારે ૪ કેસ પેન્ડીંગ રાખવામાં આવેલ હતા. તેમજ અન્ય ૪ કેસમાં સમાધાન થવા પામેલ હતું. આ ઉપરાંત ૨૬ કેસ જરૂરી આધાર પુરાવાના અભાવે નિયમ અનુસાર ન હોય ડ્રોપ કરવામાં આવેલ હતા.બેઠકમાં જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ તેમજ અધિક કલેકટર બારોટ, ઉપરાંત જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પોલીસ વડા સહિત વિવિધ વિભાગોનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીન પચાવી પાડનારા અને પારકી મિલ્કત હડપ કરનારા સામે કાયદાનો સિકંજો કસવા માટે લેન્ડ ગ્રેબીંગનો આ કાયદો રાજયમાં અમલમાં મુકવામાં આવેલ છે. પરંતુ માત્ર જુજ કેસમાં જ કસુરવારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી રહી છે.

# PGVCLમાં ૨૯ની બદલી - બઢતી

### ૧૦ જુનિયર ઇજનેરોને પ્રમોશન જ્યારે ૧૯ ડેપ્યુટી ઇજનેરોની બદલી




રાજકોટ, તા. ૨૨

ચોમાસાની શરૂઆત આડકતરી રીતે શરૂ થઈ ચૂકી છે ત્યારે પીજીવીસીએલ દ્વારા પણ હાલ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ત્યારે હાલ પીજીવીસીએલ તંત્રમાં બદલી અને બઢતીનો વધુ એક ઘાણવો ઉતર્યો છે જેમાં ૧૦ જુનિયર ઇજનેરોને પ્રમોશન આપવામાં આવ્યા છે ઉપરાંત ૧૯ ડેપ્યુટી ઈજનેરોની બદલી કરવામાં આવી છે.

વિજ તંત્રમાં બદલી-બઢતીનો વધુ એક ઘાણવો નિકળ્યો હોય તેમ ૧૦ જુનિયર ઈજનેરોને પ્રમોશન આપવા ઉપરાંત ૧૯ ડેપ્યુટી એન્જીનીયરોની વિનંતી બદલીનાં ઓર્ડર ઈસ્યુ કરવામાં આવ્યા હતા. પશ્ચિમ ગુજરાત વિજ કંપની દ્વારા આજે બદલી-બઢતીનો ઘાણવો કાઢવામાં આવ્યો હતો. ૧૯ ડેપ્યુટી ઈજનેરોની બદલીની વિનંતી મંજુરી કરીને ટ્રાન્સફર કરવામાં આવી હતી તેમાં વી.બી. કટારીયા, આર.એ. બલાઈ, જી.પી. ગણાત્રા, એચ.સી.સિકોતરીયા, કે.બી. ગુજરાતી, એસ.એમ. માલકીયા, પી.વી. પંચાલ, એમ.બી. જાદવ, એસ.પી. કણસાગરા, એચ.એમ. મહિડા, એસ.સી.ચૌધરી, કે.કે. સોલંકી, જે.એ.ચૌહાણ, એન.આર. પટેલ, ડી.પી.દેસાઈ, આર.એસ. ચૌધરી, એચ.એચ. ગોસ્વામી, એન.પી. ગોહેલ, તથા બી.પી. પરમારનો સમાવેશ થાય છે.

૧૦ જુનિયર એન્જીનીયરોને પ્રમોશન આપવામાં આવ્યા છે. તેમાં ડી.ડી. સુંજોત, કે.એમ.કિશોરી, એસ.એન.પટેલ, એમ.આઈ.પડાયા, જે.એન.વસાવા, કે.આર..એચ. ડી.પટેલ, આર.કે.વસાવા, વી.કે. રાઠવા, તથા ડી.આઈ.ઝાલાનો સમાવેશ થાય છે.



# હોકર્ઝ ઝોનના વ્યાપારીઓ હેરાન પરેશાન

## કોઠારીયાના ગોપવંદના હોકર્સ ઝોનના થડાધારકોને નોટીસ આપતા દોડધામ, એસ્ટેટ વિભાગની કામગીરી સામે વિરોધ

રાજકોટ, તા. ૨૨

રાજ્ય સરકાર અને ખાસ સ્થાનિક પ્રશાસન દ્વારા ગેરકાયદે દબાણો થયેલા હોય તેને દૂર કરવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે હોકર્ઝ ઝોન શાકભાજી માર્કેટના ધંધાર્થીઓ ગઈકાલે મહાનગરપાલિકા ની કચેરી ખાતે દોડી આવ્યા હતા અને તેઓને યોગ્ય અને જરૂર મુજબની જગ્યામાં વ્યાપાર કરવા દેવા માટેની માંગણી પણ ઉચ્ચારી હતી. શાકભાજી ન વેપાર કરતાં વેપારીઓએ જણાવ્યું હતું કે, એસ્ટેટ વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી હેરાન કરતા હોવાની ફરિયાદ પણ કરી હતી. રોષ ઠાલવતા શાકભાજીના ધંધાર્થીઓએ કોર્પો.ના પ્રાંગણમાં જ બકાલાનો ઢગલો કર્યો હતો. લીંબુ-મરચાના હાર ગળામાં પહેર્યા હતા. તો જે રીતે થડો પાથર્યો હોય તે જ રીતે શાકભાજી કેરેટ પર મુકીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

આ હોકર્સ ઝોનમાં મનપાને માસિક રૂ.૧૧૮૦ ભાડુ અને સફાઇ ચાર્જ ચુકવવામાં આવે છે. અહીં કોર્પો.ના કર્મચારીઓ ચેકીંગ માટે આવતા રહે છે અને ૩૫ ધંધાર્થીને ૪*૮ કરતા વધુ જગ્યા પર શાકભાજી રખાતા હોવાની નોટીસ ફટકારવામાં આવી છે. કયારેક શરતચુકથી વધુ શાકભાજી રાખવામાં આવી હોય તો તેઓ માફી માંગે છે. ખરેખર તો તેઓને એક ફુટ વધુની જગ્યાની જરૂર છે. આ જગ્યાએ સ્ટાફ દ્વારા હેરાનગતિના અનુભવ થઇ રહ્યા છે. આટલી મોંઘવારીમાં ધંધો બંધ થઇ જાય તો વધુ મુશ્કેલી થાય તેમ છે. આથી આ શાકમાર્કેટના વેપારીઓ માટે વ્યવહારૂ રસ્તો શોધી આપવા ધંધાર્થીઓએ કમિશનરને રજુઆત કરી છે.


# સોંગદનામા કરો, નળ કનેકશન નહીં કપાઈ

## ભગતસિંહ ગાર્ડન પાસેની ગૃહનિર્માણ બોર્ડની ખખડેલી ટાઉનશીપમાં મનપાની કામગીરીથી લોકોમાં ફફડાટ : કામગીરી સ્થગિત

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરમાં અનેકવિધ મિલકતો જર્જરિત હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે ત્યારે ચોમાસામાં કોઈ પણ પ્રકારની દુર્ઘટના ન ઘટે તે હેતુસર વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે જેમાં ખાસ નોટિસો પાઠવી દેવામાં આવી છે અને જગ્યા ખાલી નહીં કરવામાં આવે તો નળ કનેક્શન તથા લાઈટ કનેક્શન કાપવા સુધીની જિંદગી મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલી છે. વોર્ડ નંબર ૧૦ માં આવેલા શહીદ ભગતસિંહ ગાર્ડન પાછળ ના જે ક્વાર્ટરો છે અગાઉ તેને પણ નોટિસો પાઠવી દેવામાં આવી હતી અને તાકીદે એક સપ્તાહની અંદર મકાનો ખાલી કરવા આદેશ કર્યો હતો.





જેના ભાગરૂપે ગઈકાલે મહાનગરપાલિકા ની ટીમ ઘટનાઓ સાથે પહોંચી હતી અને નળ કનેક્શન કાપવાની શરૂઆત કરતા જ લોકો રોષે ભરાયા હતા અને મેયર સમક્ષ રજૂઆત કરી હતી. ત્યારે મેયર સોગંદનામુ કરવા જણાવ્યું હતું અને સ્પષ્ટતા કરી હતી કે હવે યોગ્ય રીતે જો સુગરનામાં કરવામાં આવશે તો તે મિલકતોના નળ અને લાઈટ કનેક્શન કાપવામાં નહીં આવે. વર્ષો જુના ગુજરાત ગ્રામ્ય ગૃહનિર્માણ બોર્ડે બનાવેલા જર્જરીત આવાસોના રીપેરીંગ, રીનોવેશન કે બાંધકામ સલામત કરવાની કોઇ કાર્યવાહી સરકાર કે આસામીઓ દ્વારા કરવામાં આવતી ન હોય.

આ બાદ રહેવાસીઓ મહાપાલિકા કચેરીએ દોડયા હતા અને મેયરને રજુઆત કરી હતી. હાલ આ આવાસ યોજનામાં પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. તો રહેવાસીઓ પોતાના મકાન સલામત કરી લેશે અથવા સલામત જ છે તેવું સોગંદનામું આપે એટલે કોઇના નળ જોડાણ કાપવામાં નહીં આવે તેવી ડો. નેહલ શુકલએ ખાતરી આપતા રહેવાસીઓ પરત ફર્યા હતા.

શહીદ ભગતસિંહ ગાર્ડન સામેના આ આવાસમાં કુલ ૭૯૨ ફલેટ છે અને જર્જરીત હાલત વચ્ચે ત્રણ હજાર જેટલા લોકો રહે છે. ગઈકાલે વેસ્ટ ઝોન કચેરીઓ સ્ટાફ કાર્યવાહી કરવા પહોંચતા અને નળ જોડાણ કાપવા ખાડો ખોદતા એક વૃધ્ધ ખાડામાં સુઇ ગયા હતા. જગ્યા પર એક જર્જરીત સ્લેબ તોડાતા કવાર્ટર તોડી નાંખવામાં આવશે તેવા ભયથી લોકો એકઠા થઇ ગયા હતા. બાદમાં કોઇએ મેયરને ફોન કર્યો હતો. હવે ચોમાસા પૂર્વે પરિવારોને લઇને કયાં જવું. નળ, ગટર જોડાણ કાપવાથી મોટી તકલીફ પડે તેમ છે. આજે સાંજે વીજ જોડાણ કાપવાની પણ ચીમકી અપાઇ છે.

મેયરે સંપૂર્ણ રજુઆત જાણ્યા બાદ કહ્યું હતું કે, કોર્પો.નો હેતુ લોકોની સલામતીનો છે. બાકી મનપાની આ જગ્યામાં કોઇ ભૂમિકા નથી. રાજય સરકારના પંચાયત વિભાગ હેઠળના ગ્રામ્ય ગૃહનિર્માણ બોર્ડે આ આવાસ યોજના બનાવેલી છે. આ ખાતરીથી રહેવાસીઓને રાહત થઇ ગઇ હતી. હવે આગળની કાર્યવાહી સાથે વોર્ડના કોર્પોરેટરોને સાથે લાવવા પણ મેયરે કહ્યું હતું. નગરસેવકોએ પણ આ બાબત મેયરના ધ્યાને મુકતા તાત્કાલીક કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે.

વધુમાં આ ટાઉનશીપમાં આમ તો વર્ષોથી અમુક ભાગ ખખડી ગયા છે. વરસાદમાં બાંધકામ વધુ નબળુ પડવાનો ભય રહે છે. આથી અન્ય આવાસોની જેમ અહીં પણ કાર્યવાહી કરવામાં આવી હતી. વેસ્ટ ઝોનના સીટી ઇજનેર કુંતેશ મહેતાએ જણાવ્યું હતું કે, હાલ પાણીની લાઇન કાપી નાંખવામાં આવી છે. લોકો સોગંદનામા આપે તે બાદ ફરી પાણી પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ખાબોચિયા અને કૂવા...

## વિદેશી દારૂ મુદ્દે PI સસ્પેન્ડઃ દેશીના કૂવા છલોછલ, પણ...

નશાબંધી ધરાવતા ગુજરાતમાં દારૂ મોટો પડકાર રહ્યો છે. કાયદા હોવા છતાં તેની અમલવારીમાં ક્યાંક મોટી કચાસ રહી જાય છે. પરિણામે આજે ગામેગામ દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. રાજ્યમાં દરરોજ અધધધ કહી શકાય તેટલો વિદેશી દારૂ ઝડપાય છે. સ્થાનિક પોલીસ અવારનવાર મોટા દરોડા પાડીને પોતાની પીઠ થાબડે છે.

જોકે, જનતામાં આ કાર્યવાહી સામે પણ અનેક આશંકાઓ વહેતી થઈ છે. ઘણા લોકો ખુલ્લેઆમ શંકા વ્યક્ત કરે છે કે આ પકડાયેલો જથ્થો પણ ચોક્કસ સેટિંગ કે ગોઠવણનો જ એક ભાગ હોય છે. ચોક્કસ બાતમી અને ચોક્કસ સમયે જ આ બધું બહાર આવે છે.

આ ગંભીર માહોલ વચ્ચે રાજકોટમાં એક આશ્ચર્યજનક ઘટના બની છે. રાજકોટના પોલીસ કમિશનરે વિદેશી દારૂના એક મોટા પ્રકરણમાં કડક વલણ અપનાવ્યું છે. તેમણે બેદરકારી બદલ પોલીસ ઇન્સ્પેક્ટર વસાવાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. ઉચ્ચ અધિકારીના આ આકરા પગલાંથી સમગ્ર પોલીસ તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય રીતે પોલીસ વિભાગમાં આવી કડકાઈ ઓછી જોવા મળે છે. તેથી જ આ પગલાંને સ્થાનિક મીડિયામાં પણ ભરપૂર સ્થાન મળ્યું છે. લોકો તંત્રની આ સક્રિયતાની ચર્ચા કરી રહ્યા છે.

આ સમગ્ર ઘટનાક્રમની પાછળ કેટલાક મોટા અને અતિ ગંભીર સવાલો પણ ઉઠે છે. વિદેશી દારૂ જે મોટી માત્રામાં પકડાઈ રહ્યો છે, તે તો દેશીની સરખામણીમાં માત્ર એક નાનકડું 'ખાબોચિયું' છે. અસલી ચિંતા અને મોટો પડકાર તો દેશી દારૂનો છે. ગુજરાતના ખૂણે-ખૂણે આજે દેશી દારૂના 'કૂવા' છલોછલ ખદબદી રહ્યા છે. ગરીબ અને શ્રમિક પરિવારો આ દૂષણમાં હોમાઈ રહ્યા છે. છતાં, આ દેશી દારૂના અડ્ડાઓ સામે કોઈ જ નક્કર પગલાં લેવાતા નથી.

મોટો સવાલ એ થાય છે કે, શું વિદેશી દારૂના સેટિંગમાં મનાઈ છે અને દેશી દારૂના સેટિંગમાં ખુલ્લી છૂટ છે? એ બાબત હવે કોઈ સિક્રેટ રહી નથી કે સ્થાનિક સ્તરે દેશી દારૂના હપ્તા બેફામ ચાલે છે. વિદેશી મામલે એક પીઆઈ સસ્પેન્ડ થયા તે બરાબર છે. પરંતુ જો પોલીસ કમિશનર દેશી દારૂના આ અડ્ડાઓ મામલે પણ આટલા જ આક્રમક બને, તો કદાચ અડધું પોલીસ ખાતું સાગમટે સસ્પેન્ડ કરવું પડે. મોટાભાગના કર્મચારીઓ ઘરભેગા થઈ જાય તેવી સ્થિતિ સર્જાય.

હવે સમય આવા ગયો છે કે સામાન્ય જનતા પણ જાગૃત બને. પોલીસ તંત્રને ઉઘાડું પાડવા માટે લોકોએ વ્યાપકરૂપે દેશી દારૂના અડ્ડાઓ પર જનતા દરોડા પાડવા પડશે. તંત્રની આંખ ઉઘાડવા માટે આ લોકજાગૃતિ અનિવાર્ય બની ગઈ છે.

# NEET UG પુનઃપરીક્ષા કેવી રહી?

## સોલ્વર ગેંગની ધરપકડ, જ્યારે અન્યત્ર પગલાંથી વિદ્યાર્થીઓ પરેશાન




નવીદિલ્હી, તા. ૨૨

પેપર લીક થયા બાદ ફરીથી શેડ્યૂલ કરાયેલી **NEET-UG** પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ. પાછલી પરીક્ષા કરતા સુરક્ષા વ્યવસ્થા ઘણી કડક હતી. પાછલી પરીક્ષામાં ૨.૨ મિલિયન વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, પરંતુ આ વખતે આ સંખ્યા ઘટીને ૨૦ લાખ થઈ ગઈ. પરીક્ષા સરળતાથી ચાલે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે પરીક્ષાનું નિરીક્ષણ કર્યું હતું. જોકે, પરીક્ષાના બીજા દિવસે, બિહારમાં એક મોટી સોલ્વર ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જેમાં સાત સોલ્વર સહિત ૨૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-અંડરગ્રેજ્યુએટ (**NEET-UG**) પરીક્ષા ગયા મહિને ૩ મેના રોજ યોજાઈ હતી, પરંતુ પેપર લીકના અનેક કિસ્સાઓ સામે આવ્યા બાદ તેને રદ કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ૨૧ જૂને ફરીથી શેડ્યૂલ કરાયેલી પરીક્ષાની જાહેરાત કરી હતી. ગઈકાલે, રવિવારે ૨૦ લાખથી વધુ મેડિકલ ઉમેદવારોએ ફરીથી શેડ્યૂલ કરાયેલી પરીક્ષામાં ભાગ લીધો હતો.

પેપર લીકના મુદ્દા પર વિપક્ષે કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી હતી, જેના કારણે પરીક્ષા સુચારુ રીતે યોજવી સરકાર માટે એક મહત્વપૂર્ણ પડકાર બની ગઈ હતી. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (**NTA**) એ પરીક્ષા પછી જણાવ્યું હતું કે દેશભરના ૫,૪૪૦ કેન્દ્રો અને વિદેશમાં ૧૪ કેન્દ્રો પર ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પુનઃપરીક્ષામાં ભાગ લીધો હતો. આ પરીક્ષા હિન્દી અને અંગ્રેજી સહિત ૧૩ ભાષાઓમાં લેવામાં આવી હતી. પરીક્ષણ એજન્સીએ જણાવ્યું હતું કે આ ફક્ત ગઝઅનો પ્રયાસ નહોતો, પરંતુ ટીમ ઇન્ડિયાની ભાવનાનું પ્રતિબિંબ હતું.

**NTA**ના ડિરેક્ટર જનરલ અભિષેક સિંહે જણાવ્યું હતું કે પરીક્ષા યોજવા માટે દેશભરમાં આશરે ૭૦૦,૦૦૦ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, સુપરવાઇઝર અને પરીક્ષા સ્ટાફને તૈનાત કરવામાં આવ્યા હતા. પુનઃપરીક્ષા ફક્ત ૩૭ દિવસમાં પૂર્ણ કરવામાં આવી હતી. કોઈપણ ગેરરીતિ અટકાવવા માટે ૫૧,૩૧૧ જામર પણ લગાવવામાં આવ્યા હતા.

પુનઃપરીક્ષામાં છેતરપિંડીના કિસ્સાઓ અંગે અભિષેક સિંહે જણાવ્યું હતું કે, ''લાખીસરાયમાંથી કેટલાક કેસ નોંધાયા હતા. કેટલાક કિસ્સાઓમાં, વિદ્યાર્થીઓ મોબાઇલ ફોન ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. કોઈ બીજા વતી પરીક્ષા આપવાનો પ્રયાસ કરી રહ્યું હતું. આવી ગેરરીતિઓને રોકવા માટે અમે દરેક સ્તરે શોધ, તપાસ, સીસીટીવી સર્વેલન્સ અને બાયોમેટ્રિક પ્રમાણીકરણ કરીએ છીએ. અમારા તમામ સુરક્ષા પગલાંનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પરીક્ષા સાથે છેડછાડ ન કરી શકે. તેઓ પકડાશે.''

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પણ પરીક્ષાના સુગમ સંચાલન અંગે સતર્ક રહ્યા. તેમણે દિલ્હીના ઓખલામાં ગઝઅ મુખ્યાલયમાં **NEET-UG** પુનઃપરીક્ષાના સુગમ સંચાલન માટેની વ્યવસ્થાની સમીક્ષા કરી. પુનઃપરીક્ષા બપોરે ૨ વાગ્યે શરૂ થઈ અને સાંજે ૫:૧૫ વાગ્યા સુધી ચાલુ રહી. દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાંજે ૬:૨૦ વાગ્યા સુધી પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવી હતી. ૧૦,૦૦૦ થી વધુ દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ પરીક્ષામાં હાજર રહ્યા હતા.

કોઈપણ ગેરરીતિ અટકાવવા માટે, બધા પરીક્ષા કેન્દ્રો આધાર-આધારિત બાયોમેટ્રિક અને ચહેરાની ઓળખ સિસ્ટમ, સીસીટીવી સર્વેલન્સ, જામર અને રાજ્ય પોલીસ સપોર્ટથી સજ્જ હતા. આ તકેદારી છતાં, કેટલાક પરીક્ષા કેન્દ્રો પર ખોટા પ્રવેશપત્રો રજૂ કરવામાં આવ્યા હોવાના અને અન્ય પરીક્ષા કેન્દ્રો પર નકલી પ્રવેશપત્રો રજૂ કરવામાં આવ્યા હોવાના કિસ્સા નોંધાયા હતા.

# રામ મંદિર દાન વિવાદ

## દાન ગણતરીમાંથી ૪૦ કર્મચારીઓ દૂર, નવા લોકોને જવાબદારી




રાજકોટ, તા. ૨૨

રામ મંદિર દાન ચોરી કેસમાં, ગણતરીમાં સામેલ આશરે ૪૦ કર્મચારીઓને ગણતરીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. બેંક અને ટ્રસ્ટ દ્વારા નવા ગણતરી કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. રામ મંદિરમાં પ્રસાદ તરીકે મળેલા પૈસા અને દાગીનાની ગણતરી પર પણ નજર રાખવામાં આવી હતી. છ દિવસની તપાસ બાદ લખનૌ પરત ફરેલી **SIT** ટીમ આજે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને તેનો પ્રારંભિક તપાસ અહેવાલ સુપરત કરે તેવી અપેક્ષા છે. ત્યારબાદ આ કેસમાં આગળની કાર્યવાહી શરૂ થશે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (**SIT**) એ દાન રેકોર્ડ, **CCTV** ફૂટેજ, રોકડ ગણતરી પદ્ધતિઓ અને દાગીના અને અન્ય કિંમતી વસ્તુઓ સંબંધિત દાવાઓની તપાસ કરી. ટ્રસ્ટ સાથે સંકળાયેલા લોકો, પૂજારીઓ, બેંક અધિકારીઓ અને રોકડ સંભાળવાના કર્મચારીઓ સહિત ૧૦૦ થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી.

**SIT** એ તપાસ હેઠળ રહેલા લોકોને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અયોધ્યા ન છોડવા સૂચના આપી છે. ટ્રસ્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''જે લોકોની **SIT** દ્વારા પહેલાથી જ પૂછપરછ કરવામાં આવી છે તેમને આગળની સૂચના સુધી શહેર ન છોડવા માટે કહેવામાં આવ્યું છે.'' સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસના દૈનિક રેકોર્ડ, જેમાં ટ્રસ્ટના અધિકારીઓ અને તપાસમાં સામેલ અન્ય લોકોની પૂછપરછનો સમાવેશ થાય છે, ડિજિટલી જાળવવામાં આવ્યા છે. **SIT** ની તપાસ ફક્ત ભંડોળની ઉચાપત સુધી મર્યાદિત ન હતી, પરંતુ ટ્રસ્ટ દ્વારા વિવિધ તબક્કામાં કરવામાં આવેલી ખરીદી અને મંદિર માટે બાંધકામ સામગ્રીની ખરીદીનો પણ સમાવેશ થતો હતો. **SIT** એ રામશંકર યાદવ ઉર્ફે ટિનુની વારંવાર પૂછપરછ કરી, જે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયના લાંબા સમયથી સહયોગી હોવાનું કહેવાય છે. આ બાબતથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, ટીમે તેમના નજીકના સહયોગીઓ, સંબંધીઓ અને તેમની મિલકતો વિશે પણ માહિતી એકત્રિત કરી હતી. સૂત્રો કહે છે કે ૨૦૨૫ ની શરૂઆતમાં પ્રયાગરાજ મહાકુંભ મેળા દરમિયાન મોટી ઉચાપત થઈ હતી, જ્યારે બે મહિના સુધી દરરોજ આશરે ૧૦ લાખ ભક્તો મંદિરની મુલાકાત લેતા હતા, અને દાનપેટીઓ માત્ર બે કલાકમાં રોકડથી ભરાઈ ગઈ હતી. રામ મંદિરમાં દાન ચોરીના કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. લગભગ ૪૦ કર્મચારીઓને ગણતરીની ફરજોમાંથી દૂર કરવામાં આવ્યા છે. બેંક ટ્રસ્ટે નવા કાઉન્ટર નિયુક્ત કર્યા છે અને હવે દાનની ગણતરી પર નજીકથી નજર રાખી રહ્યા છે. છ દિવસની તપાસ બાદ, સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (**SIT**) આજે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પોતાનો પ્રારંભિક અહેવાલ સુપરત કરે તેવી અપેક્ષા છે.

# પાકિસ્તાનથી ચીન સુધી, ગભરાટ

## ૧૫૦૦ કિમી રેન્જના બ્રહ્મોસથી ભારતની સુરક્ષા બનશે મજબૂત




રાજકોટ, તા. ૨૨

પૂર્વી લદ્દાખથી હિંદ મહાસાગર સુધી ચીનના આક્રમણ અને પાકિસ્તાનના પ્રોક્સી યુદ્ધનો સામનો કરવા માટે, ભારતે તેના સૌથી સચોટ શસ્ત્રો માટે ઉત્પાદન રોડમેપ તૈયાર કર્યો છે. વિશ્વની સૌથી ઘાતક સુપરસોનિક ક્રુઝ મિસાઇલ ઉત્પાદક બ્રહ્મોસ એરોસ્પેસ હવે ૧,૫૦૦ કિલોમીટરની રેન્જ સાથે બ્રહ્મોસ મિસાઇલના નવા પ્રકાર વિકસાવવા પર કામ કરી રહી છે. તાજેતરમાં, કંપનીના **CEO** અને મેનેજિંગ ડિરેક્ટર, ડો. જયતીર્થ રાઘવેન્દ્ર જોશીએ આ અત્યંત સંવેદનશીલ અને વ્યૂહાત્મક પ્રોજેક્ટની વિગતો પ્રદાન કરી હતી. આ અપગ્રેડ બંને મોરચે ભારતની વ્યૂહાત્મક ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે એટલું જ નહીં, પરંતુ ચીનની એન્ટિ-એક્સેસ/એરિયા ડિનાયલ (**A2/AD**) સંરક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે નાશ કરવાની ક્ષમતા પણ ધરાવે છે. ૧,૫૦૦ કિલોમીટરની આ નવી રેન્જ ભારતની ડીપ-સ્ટ્રાઇક સ્ટ્રાઇક કરવાની ક્ષમતાને સંપૂર્ણપણે બદલી નાખશે, એટલે કે, દુશ્મનના પ્રદેશમાં ઊંડા વિનાશ લાવવાની ક્ષમતાને સંપૂર્ણપણે બદલી નાખશે. આ નવું પ્રકાર બંને પરંપરાગત વિરોધીઓ માટે વિનાશક સાબિત થશે.

હાલમાં, ચીનના ઘણા મુખ્ય લશ્કરી સ્થાપનો, તિબેટમાં એરબેઝ અને શિનજિયાંગમાં મિસાઇલ લોન્ચ પેડ વાસ્તવિક નિયંત્રણ રેખા (**LAC**) થી સુરક્ષિત અંતરે સ્થિત છે. જોકે, ૧,૫૦૦ કિલોમીટરની રેન્જ સાથે, ભારતીય વાયુસેનાના સુખોઈ-૩૦ **MKI** ફાઇટર જેટ ભારતીય હવાઈ ક્ષેત્રમાં રહીને મુખ્ય ભૂમિ ચીનમાં ઊંડા વ્યૂહાત્મક સ્થાપનો અને લોજિસ્ટિક્સ કેન્દ્રોને નષ્ટ કરી શકશે. આ રેન્જ સાથે, ગ્વાદર બંદરથી ઇસ્લામાબાદ અને કાયદ-એ-આઝમ એરબેઝ સુધીનો પાકિસ્તાનનો સમગ્ર પ્રદેશ ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો અને આર્મી મોબાઇલ ઓટોનોમસ લોન્ચર્સ (**MALs**) ની સીધી રેન્જમાં આવશે. ૧,૫૦૦ કિલોમીટરની મુસાફરી કરતી વખતે પણ, બ્રહ્મોસ તેની સિગ્નેચર મેક ૨.૮ ગતિ (ધ્વનિની ગતિ કરતાં લગભગ ત્રણ ગણી) જાળવી રાખશે. ચીનની પોતાની ઇંચ-૯ એર ડિફેન્સ સિસ્ટમ પણ આટલી ઊંચી ઝડપે મુસાફરી કરતી મિસાઇલને ટ્રેક અને અટકાવવામાં અસમર્થ રહેશે.

મિસાઇલની સાચી તાકાત કોઈ વિદેશી દેશથી નહીં, પરંતુ ભારતની પોતાની ઉત્પાદન શક્તિથી આવે છે. ૨૦૧૬ માં ભારત મિસાઇલ ટેકનોલોજી કંટ્રોલ રેગ્યુલેટરી ઓથોરિટીમાં જોડાયા પછી, વિદેશી પ્રતિબંધોના બંધન તૂટી ગયા, અને ભારતીય ઇજનેરોએ તેની ડિઝાઇન અને ઉત્પાદનને સંપૂર્ણપણે સ્વદેશી બનાવવાનું શરૂ કર્યું. ઇજનેરો સામે સૌથી મોટા પડકારો મિસાઇલનું વજન ઓછું રાખવા અને ૧,૫૦૦ કિમીની રેન્જ પ્રાપ્ત કરવા માટે એન્જિનની ઘાતકતા વધારવાનો છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પ્રયત્નાદ્યતમાણસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ, એ શ્લોકમાં શ્રીકૃષ્ણ ક્યાં પ્રયત્નની વાત કરે છે!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અમુક ખાસિયત યુગો યુગોથી માનવ નામની પ્રજાતિ સાથે જોડાયેલી છે! જેમકે ગુરુતાગ્રંથી અને લઘુતાગ્રંથી! એટલે કે કોઈ કોઈમાં અહમ્ કુટીને કુટીને ભર્યો હોય, એમ આસપાસનાં વર્તુળમાં પોતે કંઈક છે, થી શરૂ કરીને પોતે શ્રેષ્ઠ છે, અને પોતે જ દુનિયામાં મહાન છે, એવી વૈચારિક વૃત્તિ ધરાવે છે! જ્યારે કોઈ કોઈ વગર કારણે પોતે હિન છે! રાંક છે! દિન છે! એવું વિચારીને કોઈ સાથે કમ્પીટ કરતાં નથી! હાલાકી સ્પર્ધા કરવી હોય તો ખુદ સાથે જ કરવી જોઈએ! સ્પર્ધા અન્ય સાથે કરવાથી જ હું કંઈક વિશેષ છું, એવી ભાવના વધે છે, અને જે અન્યને તિરસ્કૃત કરનાર બને છે. જોકે આજનો આપણો મુદ્દો કંઈ ગ્રંથી સારી કે ખરાબ! એનું વિશ્લેષણ કરવાનો નથી, પરંતુ ઘણીવાર માનવી કોઈ પ્રયત્ન કર્યા વગર હાર માની લે છે! અને પાછળથી ઘણીવાર એવું થાય છે કે, મેં થોડો પ્રયત્ન કર્યો હોત તો હું સફળ થઈ શક્યો હોત; બસ થોડી હિંમત કરવાની જરૂર હતી! ખાસ કરીને આજની પેઢી કે જેને ડગલેને પગલે સ્પર્ધાનો સામનો કરવો પડે છે, અને કાયમ ડર રહે છે, કે ક્યાંક એ અસફળ રહેશે, તો જગ હસાઈનું કારણ બનશે!; અને આવું વિચારીને એ ઘણીવાર પ્રયત્ન જ નથી કરતાં, અથવા તો પરિણામ પહેલાં ડિપ્રેશનનો ભોગ બની આત્મહત્યા પણ કરે છે. જીવનમાં વધુ પડતાં મહત્વાકાંક્ષી હોવું પણ પતનનું કારણ બની શકે છે! અથવા તો પોતાની જાત પર વિશ્વાસ ન્હોય એ પણ યોગ્ય નથી! હકીકતમાં યોગ્યતા કેળવીને જ યોગ પંથે પ્રયાણ થાય છે, અને પછી યોગીની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકાય છે! અને આજ વાત ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ભગવત ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં ૪૫ માં શ્લોકમાં કહે છે, અને આજે મંગળવારે સદગુરુ કૃપાથી ગીતા જ્ઞાનનું ચિંતન કરીશું.

પ્રયત્નાદ્યતમાણસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃમ
અનેક જન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ય૪૫

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જે યોગી સતત પ્રયત્ન કરતો રહે છે, તે પોતાનાં પાપો અને દોષોથી ધીમે ધીમે શુદ્ધ બને છે. અનેક જન્મોની સાધનાના સંચિત પુણ્ય અને અભ્યાસના બળથી તે અંતે પરમ ગતિ એવંમ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**પ્રયત્નાદ્યતમાણસ્તુ, શબ્દની સંધિ છૂટી પાડીએ તો પ્રયત્નાત્ + યતમાણ+ સ્તુ. પ્રયત્ન દ્વારા સતત કોઈ સાધનમાં રમમાણ રહેનાર, પરંતુ અહીં ભગવાને પાછળ યોગી શબ્દ પ્રયોજ્યો છે, એટલે અધ્યાત્મમાં રમમાણ! સર્વ પ્રથમ તો અધ્યાત્મ વિશે જીજ્ઞાસા થવી કે સ્વ તત્વ વિશેની ખોજ માટે વિચારવું એ પૂર્વ જન્મમાં કરેલ કોઈ યોગ કર્મનું જ ફળ છે, બાકી દુનિયા આખી જ્યારે તમારી ઈર્તગીર્ત ભોગમાં જ રમમાણ હોય, એ સમયમાં તત્વતઃ જ્ઞાનની જીજ્ઞાસા કોને થાય! અને આ વાત ભગવાન આગળનાં ત્રણ શ્લોકમાં કરે છે, અને એ પણ કહે છે કે જ્યાંથી સાધના છૂટી, એટલું જ્ઞાન એનું બીજા જન્મમાં સહજ હોય છે. જીવનમાં કોઈપણ લક્ષ્યને યેનકેન પ્રકારે પ્રાપ્ત કરવું એ આજનાં સમયની ખાસિયત છે, પણ લક્ષ્ય સારું હોવું એ પાછળનાં જન્મનો સંસ્કાર છે.

**સંશુદ્ધકિલ્બિષઃ, સંશુદ્ધ + કિલ્બિષઃ એટલે કે જે પાપ કર્મથી સંશુદ્ધ થયેલો છે. આપણે જીંદગીભર મહેનત કરીને કરોડ રૂપિયા ભેગા કરીએ, અને એ ભેગાં કરવાં માટે કેટલાંય પાપ કરીએ છીએ, કારણ કે પૈસો પાપ કરાવે! લાભ, લોભ, લાલચ, અને એ રૂપિયા ભોગવવાની લાલસા, આ ચાર 'લ' જ પાપનું કેન્દ્ર છે. પરંતુ કરોડ હોય કે બે કરોડ, એને અહીં જ મુકીને જવાનું છે! સાથે આવશે પેલી પાપની પોટલી! જેને વિશે આપણે વિચારતાં જ નથી! અને જેટલાં મુકીને જશો, એ વધુ હશે તો પરિવાર પાછો ચાર 'લ' ના ચક્રવ્યૂહમાં ફસાઈ પાપ કરશે! પરંતુ જો પાપની બદલે પુણ્ય કર્યું હશે તો એ પુણ્ય સાથે આવશે! બિલકુલ ફીક્સ ડિપોઝિટની જેમ સમયે એનકેશ કરી શકાશે! એટલે કે આવતે જન્મે કોઈ સંઘર્ષ વગરનું જીવન રહે, એવાં ઘરમાં જન્મ થાય છે, અને યોગ માર્ગે આગળ વધે છે.

**અનેક-જન્મ-સંસિદ્ધઃ અનેક જન્મોની સાધનાથી પરિપક્વ બનેલો. સામાન્ય રીતે જેમ જેમ ઉંમર વધે એમ માનવી પરિપક્વ બને, કારણ કે એની બુદ્ધિ ધીરેધીરે સ્થિર થાય છે, અને સારા નરસાનો ભેદ પારખી શકે છે, બિલકુલ એ જ રીતે આ ભોગનાં યુગમાં જો કોઈ યોગ વિશે એટલે કે ઈશ્વર પ્રાપ્તિ વિશે દેખાડા પુરતું નહીં પણ ખરેખર વિચારે તો એ અનેક જન્મોની સિદ્ધ છે.

**તતઃ + યાતિ+ પરાં ગતિ, એટલે કે ત્યારબાદ એ પરમ ગતિ એવંમ મોક્ષને પ્રાપ્ત કરે છે. પરાં ગતિ! એટલે કે પરમ તરફની ગતિ! પરમ એટલે ઈશ્વર, અને ઈશ્વર એટલે સત્ય! ઈશ્વર એટલે આનંદ, ઈશ્વર એટલે શાંતિ! આ રીતે ઈશ્વર તત્વને સમજીને શું આપણાં જીવનમાં સત્ય છે? શું આપણાં જીવનમાં સુખ નહીં પણ આનંદ છે? શું આપણાં જીવનમાં શાંતિ છે? આ પ્રશ્નોના જવાબ 'હાં ' હોય તો આપણી ગતિ પરમ ગતિ છે! અને ઉંમરનાં આ મુકામે સ્વયંને આ સવાલ નહીં પુછીએ તો ક્યારે પુછીશું? મૃત્યુ સમયે? તો શક્ય છે, આ જીવનમાં કર્યો એ સંઘર્ષ આવતાં જન્મે પણ કરવો પડે! કદાચ આથી પણ વધુ!

ટૂંકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનનાં માધ્યમથી સંસારનાં તમામ ભોગી જીવને કહે છે, કે સ્થૂળ રૂપે તું અહીંથી કંઈ જ લઈ જઈ શકતો નથી! એટલે કે તારું ધનનું ઐશ્વર્ય, કે સાંસારિક પદ પ્રતિષ્ઠા, કે પછી પારિવારિક સંબંધો બધું જ એક દિવસ છૂટવાનું છે! વિષય વસ્તુ કે વ્યક્તિમાં ગમે તેટલો મોહ હોય,એ નષ્ટ થયાં વગર રહેશે નહીં!: પરંતુ જો તું એક ડગલું મારી તરફ આગળ વધીશ, તો આવનારી યાત્રા તારી એક ડગલાં પછીની રહેશે! બે ડગલાં ભરીશ તો એ મુજબ! આ એક ડગલું એટલે શું? મારાં દ્વારા જે કંઈ થયું એ બધું અંતે તારી ઈચ્છા શક્તિથી થયું, તું જ કર્તા છો! એવું જ્ઞાન થવું! અને પછી સહજ સ્વીકારી શકાય, તો એ બીજું ડગલું છે! કારણકે ઈશ્વર જ કર્તા છે, એ જાણવાં અને માનવાં છતાં સ્વીકારી શકાતું નથી, એ આધ્યાત્મિક બાધા છે! અને એનું કારણ આપણો અહમ્ છે! આ અહંકારને તુલસીએ ''ડમરુઆ'' એટલે કે કેન્સરનાં રોગ સાથે સરખાવ્યો છે. આપણી વિશે કે સામેની વ્યક્તિ વિશેની ગ્રંથીઓ જ આપણાં જીવનની સૌથી મોટો અવરોધ છે! પછી એ સામાજિક સાંસારિક કે પારિવારિક વાત હોય! અને અધ્યાત્મમાં તો તન મન શુદ્ધિ વગર પ્રવેશ જ શક્ય નથી. આ ઉપરાંત શ્રીકૃષ્ણ આ શ્લોકનાં માધ્યમથી બીજી એક વાત એ પણ કહે છે કે, પરમ તરફની ગતિ, એ લાંબી અવધિ માંગી લે છે! શક્ય છે જન્મોજન્મ લાગે! પરંતુ સાચા હૃદયથી કરેલો આધ્યાત્મિક પ્રયત્ન ક્યારેય નષ્ટ થતો નથી. સતત સાધના કરનાર યોગી, ભલે ધીમે ધીમે આગળ વધે, પરંતુ અંતે પરમાત્માની પ્રાપ્તિ અવશ્ય કરે છે. તો ભગવાને કરેલા આ સાદને સાંભળીને આપણે સૌ એ પંથે પગલાં પાડી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### પ્લેટફોર્મ પર ઉંભી રહેલા મહિલાનો થેલો ઉઠાવી અંદરથી રોકડ, દાગીના ચોરી લીધા'તા

# બેકારી દુર કરવા ચોરીના રવાડે ચડતા ધરપકડ

## રાજકોટ રેલ્વે LCBના જયેન્દ્રસિંહ પરમાર અને ટીમે વેરાવળના શખ્સને પકડી મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ,તા.૨૨

નોકરીમાંથી કાઢી મુકવામાં આવતાં એક શખ્સ ચોરીના રવાડે ચડી ગયો હતો. પોતાના ગામેથી આ શખ્સ બીજા ગામે પહોંચ્યો હતો અને ઉંઘી રહેલા મુસાફરનો થેલો ચોરી તેમાંથી દાગીના, રોકડ, મોબાઇલ ચોરી લીધા હતાં. રાજકોટ રેલ્વે એલસીબીએ આ ગુનો ઉકેલી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેણે નફ્ફટાઇથી કબુલ્યું હતું કે નોકરીમાંથી કાઢી મુકાતાં કડકાઇ આવી ગઇ હોઇ જેથી ચોરી કરી હતી!

વિગતો પર નજર કરીએ તો જુનાગઢ રેલ્વે સ્ટેશનમાં દ્વારકા જવા માટે ટ્રેનની રાહ જોઇ રહેલા યાત્રીઓ રાત્રીના પ્લેટફોર્મ પર સુતા હોઇ તેમના થેલાની કોઇએ ચોરી કરી તેમાંથી સોનાનો ચેઇન, વીંટી, મોબાઇલ ફોન અને રોકડ મળી રૂા. ૧,૩૬,૩૪૦ની મત્તા ચોરી લીધી હતી. આ ગુનાનો ભેદ રાજકોટ રેલ્વે એલસીબી રાજકોટની ટીમે ઉકેલી ગીર સોમનાથના વેરાવળ ખાતે ગરીબ નવાઝ કોલોનીમાં રહેતાં ત્રેવીસ વર્ષના ઇસ્માઇલ ઇકબાલભાઇ તુરકને ઝડપી લઇ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જુનાગઢ રેલ્વે સ્ટેશન પર રાત્રીના સુતેલા દ્વારકાના મુસાફર મહિલાનો થેલો ચોરાઇ ગયો હતો. આ થેલો બાદમાં રેલ્વે સ્ટેશનના બાથરૂમમાંથી મળી આવ્યો હતો.

પણ તેમાંથી રોકડ, દાગીના, મોબાઇલ ફોન સહિતની માલમત્તા ગાયબ હતી. રેલ્વે એલસીબી પીઆઇ જે. આર. દેસાઇએ ગુનો ઉકેલવા સુચના આપતાં રાજકોટ રેલ્વે એલસીબીના પીએસઆઇ જે. એમ. પરમાર અને ટીમે તપાસ શરૂ કરી હતી. રેલ્વેના કોચમાં આવેલા સીસીટીવી ફુટેજ ચેક કરતાં એક શકમંદ નજરે ચડતાં તેના આધારે તપાસ કરી આ શખ્સને વેરાવળ ગરીબ નવાઝ કોલોનીમાંથી પકડી લીધો હતો. પુછતાછમાં તેણે પોતાનું નામ ઇસ્માઇલ ઇકબાલભાઇ તુરક જણાવ્યું હતું. પોલીસે તેની આકરી પુછતાછ કરતાં તેણે થેલામાંથી ચોરેલો રૂા. ૮૦૭૩૦નો ચોરાઉ ચેઇન, રૂા. ૪૭૬૧૦ની સોનાની વીંટી, રૂા. ૫ હજારનો મોબાઇલ ફોન અને ૩૦૦૦ રોકડા મળી કુલ રૂા. ૧,૩૬,૩૪૦ કબ્જે કર્યા હતાં અને આરોપીને જુનાગઢ રેલ્વે પોલીસને સોંપ્યો હતો.

રેલ્વે પોલીસે વધુમાં જણાવ્યું હતું કે ઝડપાયેલો ઇસ્માઇલ અગાઉ વાહન ચોરીમાં પકડાયો હતો. તે અગાઉ વેરાવળ જીઆઇડીસીમાં કારખાનામાં મજૂરી કરતો હતો. પણ કોઇ કારણોસર તેને કાઢી મુકાતાં પૈસાની ખેંચ ઉભી થઇ હોઇ જુનાગઢ રેલ્વે સ્ટેશને આવી મુસાફરના થેલામાંથી ચોરી કરી હતી. સુતેલા મુસાફરનો થેલો ઉઠાવી બાથરૂમમાં લઇ ગયો હતો અને તેમાંથી રોકડ, દાગીના, મોબાઇલ કાઢી લઇ થેલો રેઢો મુકી દીધો હતો. રેલ્વેના પોલીસ મહાનિર્દેશક કે. એન. ડામરો, પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાની સુચના અને પીઆઇ જે. આર. દેસાઇની રાહબરીમાં રાજકોટ રેલ્વે એલસીબીના પીએસઆઇ જે. એમ. પરમાર, એએસઆઇ હરપાલસિંહ સરદારસિંહ, બલભદ્રસિંહ રણજીતસિંહ, હેડકોન્સ. પૃથ્વીરાજસિંહ જયવંતસિંહ, કોન્સ. ભુપતભાઇ કાનાભાઇ, જયેશભાઇ નાથાભાઇ, દિવ્યરાજસિંહ વાઘુભા, શૈલેષભાઇ લાલજીભાઇએ આ ગુનો ઉકેલ્યો હતો. જેમાં આરપીએફ ભાવનગરના ઇન્સપેક્ટર નાસીર હુશેન, એએસઆઇ કનુભાઇ, હેડકોન્સ. જગદીશભાઇની ટીમે પણ મદદ કરી હતી.





**જીયાણા ગામે એરપોર્ટ પોલીસે દરોડો પાડ્યોઃ જૂગટુ રમતાં સગીર સહિત સાત ઝડપાયા, દસ જણા મુઠ્ઠીયું વાળીને ભાગ્યા**

બીજી તરફ જૂગારની મોસમ ખીલેલી રહી હતી. રાજકોટની ભાગોળે આવેલા જીયાણા ગામે મોતાણી પરિવારના મઢ પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એરપોર્ટ પોલીસની ટીમે દરોડો પાડી જુગાર રમતા એક સગીર સહિત સાતને ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. દરોડો પડતાં દસ શખ્સો ભાગી ગયા હતાં. તેની શોધખોળ હાથ ધરવામારં આવી છે. પોલીસે આ દરોડામાં રોકડા રૂા. ૮૫,૬૮૦ તેમજ વાહનો, મોબાઇલ ફોન સહિત ૬ લાખ ૮૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વિગતો અનુસાર દારૂ અને જુગારની બદી ડામવા માટે એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હોઈ ત્યારે કોન્સ. સજુભા ડાભીને બાતમી મળી હતીકે જીયાણા ગામે મોતાણી પરિવારના મઢ પાસે જાહેરમાં અલગ અલગ ત્રણ પટમાં લોકો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે ટીમે દરોડો પાડી જુગાર રમતાં રણજીત ભુપતભાઈ ભટ્ટી(રહે. કુવાડવા).બાબુ ગાંડુભાઈ ફાંગલીયા (રહે. જીયાણા ગામ),ગોપાલ ઘોઘાભાઇ પાનસુરીયા (રહે.જીયાણા), હાર્દિક રમેશભાઈ રામાણી (રહે.જીયાણા), અશ્વિન જેશાભાઈ ગાંગાણી (રહે. જીયાણા), પરષોતમ આંબાભાઈ ગાંગાણી (રહે.જીયાણા) અને એક સગીર પકડાઇ ગયા હતાં. જ્યારે પોલીસ ત્રાટકતાં અન્ય દસ શખ્સો રવિ ભરતભાઈ બાંભવા (રહે. કુવાડવા), મહેશ, કેતન, સંદીપ, સાગર મેઘાણી, વિજય, ભુરો લખમણભાઈ બાવળિયા, અશ્વિન ઝાલા, ચાકુ ગોવિંદભાઈ સરવૈયા (રહે. જીયાણા ગામ) ભાગી ગયા હતાં. તેને ઝડપી લેવા તપાસ યથાવત રખાઇ છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર કે. પી. તરેટીયાના માર્ગદર્શનમાં પીએસઆઇ શક્તિસિંહ જાડેજા અને ડી. સ્ટાફની ટીમ દ્વારા આ દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે મોબાઈલ, બાઈક, ગંજીપાના અને રોકડ રૂા. ૮૫૬૮૦ મળી કુલ રૂ.૬.૮૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

# અકસ્માતમાં ગંભીર ઘવાયેલા PSI મલેકનું નિધન

## મૃત્યુઆંક ૩ : સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં શોકનું મોજું: કઠાડા પાસે ટ્રેલરે કારને મારી હતી ટક્કર

રાજકોટ, તા.૨૨

સુરેન્દ્રનગર જિલ્લામાં સર્જાયેલા એક માર્ગ અકસ્માતે સમગ્ર ઝાલાવાડ પંથકમાં ભારે અરેરાટી ફેલાવી છે. દસાડા-બહુચરાજી હાઈવે પર કઠાડા ગામ પાસે થયેલા આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) એચ.કે. મલેકનું સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું છે. આ ઘાતક અકસ્માતમાં અત્યાર સુધીમાં કુલ ૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જાંબાઝ પોલીસ અધિકારીના નિધનથી પોલીસ વિભાગ અને સ્થાનિક વહીવટીતંત્રમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૧૫ જૂનના રોજ મૂળ સુરેન્દ્રનગરના વતની અને હાલ પાટણ જિલ્લાના સાંતલપુર ખાતે ઈન્ટેલિજન્સ બ્યુરોમાં પીએસઆઇ (PSI) તરીકે ફરજ બજાવતા એચ.કે. મલેક પોતાની કાર લઈને પાટણ જિલ્લાના વારાહી તરફ જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન દસાડા-બહુચરાજી હાઈવે પર કઠાડા ગામ પાસે સામેથી પૂરઝડપે આવી રહેલા એક બેકાબૂ અને બેફામ ટ્રેલર સાથે તેમની કારની ધડાકાભેર ટક્કર થઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક અને ગોઝારો હતો કે કારનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. આ જીવલેણ અકસ્માતમાં પીએસઆઇ મલેકને શરીરે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તુરંત જ તેમને હોસ્પિટલમાં સઘન સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, જીવન અને મૃત્યુ વચ્ચેનો જંગ લડતા લડતા આજે સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ અકસ્માતમાં અગાઉ એક નિવૃત નાયબ મામલતદાર અને એક મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. હવે, PSI એચ.કે. મલેકના દુઃખદ અવસાન સાથે આ ગોઝારા અકસ્માતનો કુલ મૃત્યુઆંક ૩ પર પહોંચી ગયો છે. એક સાથે ત્રણ-ત્રણ લોકોના મોતના સમાચારથી સમગ્ર સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં ભારે ગમગીની વ્યાપી ગઈ છે. આ ગંભીર ઘટનામાં પોલીસે ગુનો નોંધીને અકસ્માત સર્જનાર ટ્રેલર ચાલક વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજકોટની એન્ટી નાર્કોટિક્સ ટીમ થાનગઢમાં ત્રાટકી

# ૫૧ કિલો નશીલા ડ્રગ્સ સાથે ત્રણ ઝડપાયા, ૬ સામે ગુનો

**મધ્યપ્રદેશથી સુરેન્દ્રનગર વેચાણ માટે લવાતો હતો પપોષ ડોડાથનો જથ્થોઃ સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ, CID ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી ૭.૮૭ લાખના મુદ્દામાલ સાથે આરોપીઓની કરી ધરપકડ**

રાજકોટ, તા.૨૨

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરીનો મોટો પર્દાફાશ થયો છે. રાજકોટની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (CID ક્રાઈમ બ્રાન્ચ) ની ટીમે થાનગઢમાં સપાટો બોલાવીને ગેરકાયદેસર પપોષ ડોડાથ ના જથ્થા સાથે આંતરરાજ્ય નેટવર્કને ઝડપી પાડ્યું છે. આ ઘટનામાં સુરેન્દ્રનગરની સ્થાનિક પોલીસ અને અન્ય બ્રાન્ચ ઊંઘતી રહી ગઈ હતી અને રાજકોટની ટીમે થાનગઢ આવીને આ મેગા ઓપરેશન પાર પાડ્યું હતું.



પ્રાપ્ત વિગતો મુજબ, થાનગઢ પોલીસ સ્ટેશનથી આશરે બે કિલોમીટર દૂર સ્મશાન નજીક આવેલા મસાણી મેલડી માતાજીના મંદિર પાસે શંકાસ્પદ હાલતમાં કેટલાક લોકો ઊભા હોવાની બાતમી મળી હતી. જેના આધારે એન્ટી નાર્કોટિક્સની ટીમે દરોડો પાડીને તેઓની તલાશી લેતા તેમની પાસેથી ગેરકાયદેસર પપોષ ડોડાથ (નાર્કોટિક્સ પદાર્થ) નો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કુલ ૫૧ કિલો નશીલો પદાર્થ કબજે કર્યો છે. આ દરોડા દરમિયાન ડ્રગ્સ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ રૂ. ૭.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓની આકરી પૂછપરછ કરવામાં આવતા મોટો ધડાકો થયો હતો કે, આ નશીલો પદાર્થ મધ્યપ્રદેશથી સુરેન્દ્રનગરમાં વેચાણ માટે લાવવામાં આવ્યો હતો. ખાસ કરીને રેલવે મારફતે પપોષ ડોડાથ ના જથ્થાની મોટા પાયે હેરાફેરી કરવામાં આવતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે, જેણે રેલવે સુરક્ષા સામે પણ સવાલો ઉભા કર્યા છે. આ ગુનામાં સંડોવાયેલા કુલ ૬ ઈસમો સામે થાનગઢ પોલીસ સ્ટેશનમાં ગઉડ્જ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાંથી પ્રાથમિક તબક્કે મધ્યપ્રદેશના જાંબુઆના રહેવાસી એક જ પરિવારના સભ્યોની ધરપકડ અને અટકાયત કરવામાં આવી છે. જેમાં મધ્યપ્રદેશના જાંબુઆ ગામના રાહુલ દાલસિંગ પારગી , પુષ્પાબેન દાલસિંગ પારગી અને દાલસિંગ પારગી નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ ઉપરાંત, આ કેસમાં સંડોવાયેલા સ્થાનિક અને અન્ય શખ્સો ભીમા વાલજી સાપરા, સોમાઅને વિનુ સામે પણ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલ આ સમગ્ર પ્રકરણની વધુ સઘન તપાસ થાનગઢ પોલીસને સોંપવામાં આવી છે.

# પ્રેમી સાથે જોઈ જતા પત્નીની હત્યા

## પત્નીના અનૈતિક સંબંધોથી ગિન્નાયેલા પતિએ ગોંડલમાં ખેલ્યો ખૂની ખેલ અઠવાડિયામાં અનૈતિક સંબંધોને કારણે બીજી હત્યાથી ચકચાર



રાજકોટ, તા.૨૨

ગોંડલ શહેર અને પંથક જાણે ક્રાઈમ કેપિટલ બની રહ્યું હોય તેમ ક્રાઈમની ઘટનાઓ સતત વધી રહી છે. તેમાં પણ ખાસ કરીને અનૈતિક અને આડા સંબંધો પારિવારિક હત્યાકાંડનું મુખ્ય કારણ બની રહ્યા છે. ગોંડલ જાણે લોહીયાળ બન્યું હોય તેમ માત્ર એક જ અઠવાડિયામાં બીજી હત્યાનો બનાવ સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. મોવિયા રોડ પર રહેતા વેપારીને પત્નીએ પોતાના પ્રેમી સાથે મળીને મોતને ઘાટ ઉતારી દીધાના બનાવની હજુ શાહી સુકાઈ નથી, ત્યાં જ આડા સંબંધમાં હત્યાની વધુ એક ઘટના ગોંડલના વોરાકોટડા રોડ પર બનવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલના વોરાકોટડા રોડ પર હનુમાન ધાર પાસે આવેલી ધીરુભાઈની વાડીમાં ખેત મજૂરીકામ કરતા અને મૂળ મધ્યપ્રદેશનાં બડવાની જિલ્લાના શિલાતાઉ તાલુકાનાં વતની ગુન્દલીબેન ભકનભાઇ ભારેલા (ઉ.વ.૨૮) ની ગત મોડીરાત્રે તેમના જ પતિ ભકનભાઇ ભાયલાભાઈ ભારેલા (ઉ.વ.૩૨) એ ગળાટુંપો આપીને ઘાતકી હત્યા કરી નાખી હતી. ગુન્દલીબેનને જયલો નામના અન્ય એક યુવાન સાથે અનૈતિક સંબંધ હતો. આ સંબંધની જાણ પતિ ભકનભાઇને થઈ જતાં, ઉશ્કેરાટમાં આવીને તેણે પોતાની પત્નીને જ કાયમ માટે મોતને ઘાટ ઉતારી દીધી હતી.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ ભકનભાઇ અને ગુન્દલીબેનના લગ્નને પાંચ વર્ષનો સમયગાળો વીતી ચૂક્યો છે અને આ દંપતીને સંતાનમાં એક બે વર્ષની ફુલ જેવી દીકરી પણ છે. અગાઉ જ્યારે ભકનભાઇ પરિવાર સાથે ગોંડલ રહેતાં હતાં, ત્યારે પત્ની ગુન્દલીબેનને જયલા કોળી નામના શખ્સ સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. આ બાબતની ગંધ પતિને આવી જતાં, તે પોતાની પત્ની અને સંતાનને લઈને પોતાના વતન મધ્યપ્રદેશ પરત ફર્યો હતો.પરંતુ નિયતિને કંઈક અલગ જ મંજૂર હશે. આઠ દિવસ બાદ આ પરિવાર રોજગારી માટે ફરી ગોંડલના વોરાકોટડા રોડ પર ધીરુભાઈની વાડીએ કામે રહ્યો હતો. અહીં પરત ફરતાની સાથે જ ગુન્દલીબેન અને જયલા વચ્ચેનો જૂનો પ્રેમસંબંધ ફરીથી પુનઃ સ્થાપિત થઈ ગયો હતો અને જયલો અવારનવાર વાડીએ ગુન્દલીબેનને મળવા આવવા લાગ્યો હતો.

બીજી તરફ, પતિ ભકનભાઇને પણ પોતાની પત્નીના આ પુનઃ શરૂ થયેલા આડાસંબંધની ગંધ આવી ગઈ હતી. ગત રાત્રે જ્યારે જયલો ગુન્દલીબેનને અંધારામાં મળવા આવ્યો, ત્યારે ભકનભાઇ તેમને જોઈ ગયા હતા. પતિને જોતા જ પ્રેમી જયલો ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પરંતુ ત્યારબાદ પતિ-પત્ની વચ્ચે આ અનૈતિક સંબંધના મુદ્દે અત્યંત ઉગ્ર બોલાચાલી થઈ હતી.

પોતાની પત્નીની બેવફાઈથી અંદરથી ઉકળી ઉઠેલા અને રોષે ભરાયેલા ભકનભાઇએ મગજ પરનો કાબુ સંપૂર્ણપણે ગુમાવી દીધો હતો. તેણે ઉશ્કેરાટમાં આવીને હાથમાં રહેલા લાકડાના ધોકા વડે ગુન્દલીબેનનાં પગ પર બેફામ વાર કરવાનું શરૂ કર્યું હતું. મારના કારણે ગુન્દલીબેન જમીન પર ફસડાઇ પડ્યા હતા. ત્યારબાદ રાક્ષસ બનેલા પતિ ભકનભાઇએ જમીન પર પડેલી પત્નીનું ગળું દબાવી, ગળાટુપો દઈને તેની કરપીણ હત્યા નિપજાવી હતી.

વાડી વિસ્તારમાં હત્યાની આ સનસનીખેજ ઘટનાની જાણ થતા જ ગોંડલ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પી.આઈ. જી.એસ. ગઢવી સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પરથી જ પત્નીની હત્યા કરનાર આરોપી પતિ ભકનભાઈની ધરપકડ કરી લીધી હતી અને મૃતક ગુન્દલીબેનનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ગોંડલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.માતાના આડા સંબંધ અને પિતાના ક્રોધે એક હસતા-રમતા પરિવારનો માળો પીંખી નાખ્યો છે. પિતાએ માતાની હત્યા નીપજાવી દેતાં દંપતીની બે વર્ષની માસૂમ દીકરી સાવ નિરાધાર બની ગઈ છે. પોલીસે ભકનની ધરપકડ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


## જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, રાજકોટ શહેર (દક્ષિણ)**

**અરજી રજી. નં.૫૨ /૨૦૨૬**
**મરણ તા. ૧૩/૧૦/૨૦૨૩**

**શ્રી પરબત દિનેશભાઈ કેશવલાલ**

**વિરુદ્ધ**

**જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,**
**રાજકોટ મહાનગરપાલિકા કચેરી, રાજકોટ**

**બાબત : જન્મ – મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ અ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પરબત દિનેશભાઈ કેશવલાલના પુત્રશ્રીનું અવસાન તા.૧૩/૧૦/૨૦૨૩ના રોજ રાજકોટ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે. આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર–પ્ર્રાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેઈ કોર્ટમાં દિન – ૩૦માં કચેરી સમય દરમિયાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : રાજકોટ**
**તા.૨૩/૦૬/૨૦૨૬**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજકોટ શહેર(દક્ષિણ)**

# વૃધ્ધાને ફસાવી પુત્રને મોકલ્યા અશ્લીલ ફોટા !

## પાંસઠ વર્ષના મહિલાની સાથે મહમદ શબ્બીર સમાએ પહેલા વાતો કરી પછી અંગત ફોટા લીધાઃ બ્લેકમેઇલ કરી નાણા પડાવ્યાઃ વધુ નાણા ન માંગતા ફોટા કર્યા વાયરલઃ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૨૨

ઓનલાઇન નગ્ન વિડીયોકોલ કરીને ફસાવીને બ્લેકમેઇલ કરી નાણા પડાવવાની ઘટનાઓ અવાર-નવાર બને છે. જો કે મોટે ભાગે આવા કિસ્સામાં ભોગ બનનાર કોઇ પુરૂષ કે યુવાન કે વૃધ્ધ હોય છે. પરંતુ આ વખતે સાયબર ગઠીયો લેભાગુ એક વૃધ્ધાને સોશિયલ મિડીયાથી ફસાવી તેને બ્લેકમેઇલ કરી લાખો પડાવી ગયો છે. વૃધ્ધા સાથે શરૂઆતમાં ગઠીયાએ સોશિયલ મિડીયા પર વાતો કરી હતી. પછી તેમને વિશ્વાસમાં લઇ તેના નગ્ન ફોટાના સ્ક્રીનશોટ લઇ તેના આધારે તેમને બ્લેકમેઇલ કરી રૂપિયા પડાવ્યા હતાં. આ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે. કઇ રીતે લેભાગુએ એક વૃધ્ધ મહિલાને પોતાની જાળમાં ફસાવ્યા તે વાત ચર્ચાનો વિષય બની ગઇ છે.

બ્લેકમેઇલ કરીને સાડા ત્રણ લાખથી વધુની રકમ પડાવી લીધી પછી પણ વધુને વધુ રૂપિયા માંગી સતત ધમકી અપાતી હતી. એટલુ જ નહિ આ વિકૃત શખ્સે આ વૃધ્ધાના દિકરાને જ તેમના અંગત ફોટા મોકલી દેતાં ખળભળાટ મચી ગયો હતો. અંતે વૃધ્ધાએ પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ કરતાં આ લેભાગુ ભુજ તરફનો રહેવાસી હોવાની માહિતી મળતાં તેને શોધી કાઢવા તજવીજ કરી હતી. આ શખ્સે અન્ય કોઇ મહિલાઓને પણ આવી રીતે ફસાવ્યા હોવાની શંકાએ પોલીસે તપાસ આગળ ધપાવી છે. તે ઝડપાઇ ગયા પછી આ અંગેની વિશેષ વિગતો બહાર આવવાની પોલીસને આશા છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના સાવરકુંડલામાં બની છે. એક પાંચઠ વર્ષીય મહિલાને સોશિયલ મીડિયા અને વિડિયો કોલ મારફતે વિશ્વાસમાં લઈ બ્લેકમેઇલ કરી રૂપિયા પડાવી લેવાનો બનાવ સામે આવ્યો છે. મામલે મહિલાએ ભુજના એક શખ્સ સામે પોલીસમાં ફરિયાદ આપતાં ચકચાર જાગી હતી. પોલીસ ફરિયાદ મુજબમહિલા ભુજમાં સરપત નાકા બહાર,શાંતીનગર વિસ્મતારમાં રહેતા મહમદ શબ્બીર નુરમહમદ સમા નામના શખ્સના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વારંવાર સાદા અને વિડિયો કોલ દ્વારા વાતચીત થતી હતી.

આ દરમિયાન શખ્સે મહિલાનો વિશ્વાસ જીતી વિડિયો કોલ દરમિયાન અશોભનીય સ્થિતિમાં આવવા માટે પ્રેરિત કરી, તેની જાણ બહાર તે વીડિયો કોલના અશ્લીલ સ્ક્રીનશોટ પાડી લીધા હતા. બાદમાં મહેમદે આ સ્ક્રીનશોટ મહિલાના તેમજ તેના પુત્રના વોટ્સએપ પર મોકલી આપ્યા હતા અને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની અને મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન અલગ-અલગ સમયે ફોટા વાયરલ કરવાનું કહી બ્લેકમેઇલ કરી રૂપિયાની માંગણી કરતો હતો, અને રૂપિયા નહીં આપે તો



આ સ્ક્રીનશોર્ટ સોશીયલ મીડિયામાં વાયરલ કરવાનું કહી મહિલા પાસેથી ઓનલાઇન કુલ રૂપિયા ત્રણ લાખ સાંઇઠ હજાર ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ સમગ્ર મામલે સાવરકુંડલા પોલીસે ભુજના રહેવાસી મહમદ શબ્બીર નુરમહમદ સમા વિરૂધ્ધ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ઓનલાઇન ગમે તેની સાથે મિત્રતાના માર્ગે આગળ વધી વાતો શરૂ કરવાથી અને તેના કરતાં પણ આગળ વધી આંધળો વિશ્વાસ કરી નગ્ન કોલ કરવાથી કેવી હાલત થઇ શકે કેવુ પરિણામ આવી શકે તેનો પુરાવો આ ઘટના પરથી મળી રહ્યો છે. પાંસઠ વર્ષના વૃધ્ધા સાથે આ રીતે બ્લેકમેઇલીંગ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઇ હતી. પોલીસ લેભાગુ મહમદને હવે શોધી રહી છે.

### અન્ય એક ઘટનામાં ઈન્સ્ટાગ્રામથી સગીરાને ફસાવીઃ ઘેની કોફી પાઇ દૂષ્કર્મઃ લગ્ન માટે દબાણ કર્યુ, ના પાડતાં માર મારી ધમકીઃ ત્રણ જણા સામે નોંધાયો ગુનો

બીજી એક ઘટનામાં સુરતમાં સગીર વયે ઈન્સ્ટાગ્રામના ઉપયોગ દરમિયાન યુવકના પ્રેમમાં પડેલી કોલેજિયનને પસ્તાવાનો વારો આવ્યો હતો. યુવતીને ઘેની કોફી પીવડાવી તેને એક રૂમમાં લઇ જઇ યુવકે કાકા સાથે મળી સગીરાનો અશ્લીલ વીડિયો બનાવી લીધો હતો. આ વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યા બાદ પુખ્ત વયની થતાં જ ડરાવી રજિસ્ટ્રર મેરેજ કરી લીધાની ફરિયાદ સિંગણપોર પોલીસ મથકે થઈ હતી. યુવતીની ફરિયાદને આધારે ત્રણ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સિંગણપોર વિસ્તારમાં રહેતી અને હાલ બી.કોમ.નો અભ્યાસ કરતી અઢાર વર્ષીય યુવતી ગત ઓગસ્ટ મહિનામાં સત્તરવર્ષની હતી, ત્યારે ઈન્સ્ટાગ્રામના ઉપયોગ દરમિયાન દીપક હિંમત ધોળકીયાના સંપર્કમાં આવ્યો હતો. ઓગસ્ટ મહિનામાં જ આ યુવકે તેને લક્ષ્મી એન્કલેવ-માં આવેલા ઇકાનો કોફી શોપમાં મળવા બોલાવી હતી.

અહીં કોફી પીધા બાદ સગીરા ઘેન જેવી અવસ્થામાં પહોંચી ગઈ હતી. સગીરા ભાનમાં આવી ત્યારે એક રૂમમાં તેની સામે આ યુવક અને તેના કાકા કિશોર જગદીશ ધોળકીયા ભા હતા. પોતાની સાથે કશું અજુગતું થયાનો ખ્યાલ આવ્યો હતો. તે વખતે યુવકે આ યુવતીનો પોતાના મોબાઇલ ફોનમાં રહેલો કપડાં ઉતારતો સેલ્ફી વીડિયો બતાવ્યો હતો. આ વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી તેને વારંવાર હોટેલમાં બોલાવી યૌનશોષણ કરતો હતો.

વધુ માહિતી અનુસાર યુવતી અઢાર વર્ષની થતાં જ તેને કામરેજમાં લગ્ન નોંધણી કચેરીએ લઈ જવાઈ હતી. અહીં લગ્ન માટે ઇનકાર કરતાં દીપક સાથે આવેલા તેના મિત્ર પંકજ વાનાણીએ પાછળ લાત મારી ધમકાવી હતી. બળજબરી લગ્ન બાદ તેને રાજકોટ અને સુરતની હોટેલમાં રાખી યૌનશોષણ કર્યાની યુવતીની સિંગણપોર પોલીસ મથકમાં ત્રણેય સામે ફરિયાદ નોંધાવી હતી.

---

**અત્ર તત્ર સર્વત્ર લેભાગુઓ ભુંડી નજર માંડીને બેઠા હોય છે...આવા તત્વોથી ચેતજો**

# પરિણીતા સંબંધ તોડતાં પતિને મોકલ્યા અંગત ફોટા

રાજકોટ, તા. ૨૨

આડાસંબંધોના અંજામ મોટે ભાગે ખતરનાક આવતાં હોય છે. આવા લફરાઓને કારણે મારામારી અને હત્યાની ઘટનાઓ પણ બનતી રહે છે. તો ઘણીવાર યુવતિઓ પરણેલા લેભાગુઓની જાળમાં ફસાઇ જતી હોય છે. આવી જ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં એક પરણેલી યુવતિને પરણેલા પુરૂષે ફસાવી લીધી હતી અને પછી તેને અલગ અલગ સ્થળે જઇ લઇ લગ્નની લાલચ આપી તેના પતિ સાથેના છુટાછેડા કરાવી પોતે લગ્ન કરશે તેવુ કહી અંગતપળોના ફોટા પાડી લીધા હતાં. છેલ્લે મહિલાએ સંબંધ પુરો કરતાં આ લેભાગુએ આવા ફોટા તેણીના પતિને મોકલી દીધા હતાં. પોલીસે ધમકી દૂષ્કર્મનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ચેતવણીરૂપ ઘટના અમદાવાદના ઇસનપુર વિસ્તારની છે. પરણેલી મહિલાને પરિણીત પુરુષ સાથે પ્રેમ કરવો ભારે પડ્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં મહિલાને તું મને બહુ ગમે છે, તારા વગર નહીં રહી શકું એટલું જ નહીં પત્નીને છૂટાછેડા આપવાની વાત કરીને મહિલાને અલગ અલગ હોટલમાં લઈને જઈને શારીરિક સુખ માણ્યું હતું. મહિલાએ કંટાળીને સંબંધ કાપી



નાંખતા આરોપીએ મહિલા સાથેના અંગત ફોટા પતિ અને સગાને મોકલવાની તથા મહિલાના પિતાને મારી નાંખવાની ધમકી આપીને દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે ઇસનપુર પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર ઇસનપુરમાં રહેતી છત્રીસ વર્ષની મહિલાએ બોપલમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી હતી. કે મહિલા ઘોડાસર વિસ્તારમાં અગાઉ રહેતી હતી ત્યારે તેની સહેલીના પતિના મિત્ર આરોપી સાથે મિત્રતા થઈ હતી તેની સાથે વાતચીત થતી અને મળતા પણ હતા જોકે બાદમાં તેના લગ્ન થતાં મહિલાએ વાત કરવાની બંધ કરી દીધી હતી. આમ છતાં હું તારા વગર રહી નહીં શકું મારી પત્નિ મને ગમતી નથી તેને છૂટાછેડા આપીને તારી સાથે લગ્ન કરવાનો વાયદો આપીને મહિલા સાથે ફરીથી વાતચીત શરૂ કરી હતી.

આ પછી મહિલા સેટેલાઇટમાં નોકરી કરતી હતી ત્યાં ઓફિસ પાસે મળવા આવતો અને થોડા સમયમાં લગ્ન કરવાની વાત કરીને અવાર નવાર હોટલમાં લઈ જઈને શારીરિક સંબંધ બાંધતો હતો. એક સમયે મહિલાએ તેની બહેનપણીના પતિને બીમારીની દવા લેવા જવાનું કહીને પ્રેમી સાથે રાજસ્થાન ગઈ હતી જ્યાં હોટલમાં તેની સાથે દુષ્કર્મ આચરીને તેના અંગત ફોટા પાડી લીધા હતા.

> મારી પત્નિને છુટાછેડા આપી તારી સાથે પરણીશ, તું મને બહુ ગમે છે કહી ઢગાએ પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેઇલ કરી સતત શોષણ કર્યુંઃ પોલીસે કરી કાર્યવાહી

આ પછી મહિલાને લગ્નની લાલચ આપીને અવાર નવાર આ પ્રમાણે કૃત્ય આચરતો હોવાથી મહિલાએ કંટાળીને સંબંધ કાપી નાંખતા આરોપીએ મહિલા સાથેના અંગત ફોટા પતિ અને સગાને મોકલવાની તથા મહિલાના પિતાને મારી નાંખવાની ધમકી આપીને દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં તાજેતરમાં ફોટા મહિલાના પતિના મિત્રને મોકલીને બદનામ કરવા પ્રયાસ કર્યો હતો. આમ પરિણીતાને પરણેલા સાથે પ્રેમ કરવા જતાં છેલ્લે ખુબ સહન કરવાનું આવ્યું હતું અને બદનામી પણ થઇ હતી. આ પ્રકારની ઘટનાઓ રાજ્યમાં ખુબ જ વધી ગઇ છે. સોશિયલ મિડીયાથી કે પછી બીજી રીતે પરિણીતાઓ, સગીરાઓ, યુવતિઓને ફસાવીને લેભાગુઓ બ્લેકમેઇલ કરી શારીરિક શોષણની સાથે સાથે આર્થિક રીતે પણ પાયમાલ કરી નાંખતા હોય છે. આવા સંબંધોમાં સરવાળે તો બદનામી અને તકલીફ સીવાય બીજુ કંઇ મળતું હોતું નથી. કોઇપણની સાથે મિત્રતા લવલફરા કરતાં પહેલા સો વખત વિચાર કરવાનો હાલનો સમય છે. અનેક કિસ્સાઓ અત્યાર સુધીમાં સામે આવ્યા છે જેમાં લેભાગુઓએ દૂષ્કર્મ આચરી લઇ પછી જે તે યુવતિ સગીરા કે પરિણીતાને તરછોડી દીધી હતી. આ કિસ્સામાં કહેવાતો પ્રેમી સંબંધ પુરા થતાં છેલ્લી પાટલીએ બેસી ગયો હતો અને અંગત પળોના ફોટા તેણીના પતિને મોકલી તેનું લગ્નજીવન ભાંગી જાય તેવી કરતૂત કરી હતી.

---


**રોજ નવી સવાર પડે છે અને રોજ કોઇને કોઇ નવા લોકો છેતરાઇ જાય છે**

# સસ્તામાં પ્લોટ લેવા જતાં લાગ્યો ૮૫ાા લાખનો ચૂનો

રાજકોટ, તા. ૨૨

અલગ અલગ રીતે થઇ રહેલી ઠગાઈની ઘટનાઓમાં રોજ સવાર પડતાં નવા નવા છેતરાયેલા લોકો પોલીસ સ્ટેશનોએ પહોંચી ગયેલા જોવા મળે છે. તો અનેક નવી એફઆઇઆર પણ દરરોજ દાખલ થતી રહે છે. કોણ કોને ક્યારે અને કેવી રીતે છેતરી જાય તે નક્કી જ નથી.

પણ છેતરી જાય છે રોજેરોજ એ ચોક્કસપણે નક્કી હોય તેમ રોજ આવી ફરિયાદો નોંધાય છે. હવે એક વેપારીને સસ્તામાં પ્લોટ અપાવી દેવાની લાલચ આપીને બે ગઠીયા પોણા કરોડથી વધારે રકમનો ચૂનો લગાવી ગયા છે. વિગતો પર નજર કરીએ તો નિકોલમાં એક વેપારીને ઔદ્યોગિક પ્લોટ અપાવવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. કઠવાડા જીઆઇડીસીમાં સસ્તા ભાવે ઔદ્યોગિક પ્લોટ ફાળવી આપવાનું વચન આપી બે શખ્સોએ એક વેપારી પાસેથી તબક્કાવાર ૮૫.૬૦ લાખની રકમ પડાવી લીધી હોવાનું બહાર આવ્યું છે. સમગ્ર મામલે નિકોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. નિકોલ વિસ્તારમાં રહેતા બાંસઠ




વર્ષીય શિશિર શિવપ્રસાદ સરકાર બોઈલર ઉત્પાદનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. દરમિયાન તેમની ઓળખાણ જગજીવન ઉર્ફે મુન્નાભાઈ પટેલ સાથે થઈ હતી. મુન્નાભાઈએ પોતાનો પ્રભાવ દર્શાવી કઠવાડા જીઆઈડીસીમાં આશરે પાંચ હજાર વારનો પ્લોટ સસ્તા દરે અપાવી આપવાની ખાતરી આપી હતી.

આ પછી મુન્નાભાઈએ શિશિર સરકારની મુલાકાત મુકેશભાઈ વૈષ્ણવ નામના વ્યક્તિ સાથે કરાવી હતી. મુકેશભાઈએ પોતાની ઓળખ ગાંધીનગર સ્થિત ઉદ્યોગ ભવનના અધિકારી તરીકે આપી હતી.

બંનેએ વેપારીને વિશ્વાસમાં લઈને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૭ની જૂની ફાઈલને આધારે બેકડેટમાં પ્લોટની ફાળવણી કરાવી શકાય છે અને તેના માટે વિવિધ સરકારી -ક્રિયાઓ તેમજ અધિકારીઓને ચૂકવણી કરવાની જરૂર પડશે. આ વાતોમાં વિશ્વાસ રાખીને વેપારીએ અલગ-અલગ તબક્કે મોટી રકમ ચૂકવવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદ મુજબ આરોપીઓને રોકડા તેમજ ચેક મારફતે તેમજ અન્ય વ્યવહારો દ્વારા મળીને કુલ રૂ ૮૫,૬૦,૦૦૦થી વધુની રકમ આપવામાં આવી હતી. સમય પસાર થવા છતાં પ્લોટની ફાળવણી ન થતાં વેપારીએ વારંવાર પૂછપરછ શરૂ કરી હતી. ત્યારે આરોપીઓએ ઉદ્યોગ ભવનના અધિકારીઓની બદલી થઈ ગઈ હોવા સહિતના વિવિધ બહાના રજૂ કર્યા હતા. જોકે લાંબા સમય સુધી કોઈ પરિણામ ન મળતાં વેપારીને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. બાદમાં તેમણે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

> વેપારીને જીઆઇડીસીમાં પાંચ હજાર વારનો પ્લોટ અપાવવાના નામે જગજીવન ઉર્ફે મુન્નાભાઇએ છેતરી લીધાઃ કુલ બે લેભાગુઓની શોધખોળ

પોલીસે મુકેશભાઈ વૈષ્ણવ અને જગજીવન ઉર્ફે મુન્નાભાઈ પટેલ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હાલ નાણાકીય વ્યવહારો, દસ્તાવેજો અને આરોપીઓની ભુમિકાની તપાસ આદરી હતી.

જીઆઇડીસીમાં પ્લોટ ફાળવણીની પ્રક્રિયા સંપૂર્ણપણે સરકારી નિયમો અને સત્તાવાર વ્યવસ્થાના આધારે થાય છે. કોઈ વ્યક્તિ અથવા એજન્ટ દ્વારા બેક-ડેટમાં પ્લોટ અપાવવાના દાવા કરવામાં આવે તો તેની સત્તાવાર ચકાસણી કર્યા વગર નાણાકીય વ્યવહાર કરવો જોખમી સાબિત થઈ શકે છે. આ કિસ્સો એવા તમામ લોકો માટે લાલબત્તી સમાન છે જેઓ સસ્તામાં જમીન પ્લોટ મેળવવા જતાં જાળમાં ફસાઇ જતાં હોય છે.

---

**સાયબર ગઠીયાઓને રોજેરોજ બખ્ખાઃ વધુ એક યુવાન બન્યો શિકાર**

# ઈ-ચલણની ફાઈલ ડાઉનલોડ કરતાં દસ લાખ ગ્યા

## ગઠીયાઓએ ફોન હેક કરી બેંક ખાતુ ખાલી કરી નાંખ્યુંઃ બીજી ઘટનામાં વ્યાજે લીધેલા નાણા ચુકવી દીધા છતાં નવ લાખ માંગી ખૂનની ધમકીઃ વેપારીએ લીધી પોલીસની મદદ

રાજકોટ, તા. ૨૨

સાયબર ગઠીયાઓ રોજબરોજ લોકોને શિકાર બનાવવામાં સફળ થઇ જાય છે. લોકોમાં જાગૃરકતાનો અભાવ કહો કે પછી અજાણતા જ થઇ જતી ક્ષણભરની ભુલ કહો લોકોને ગમે તેમ કરીને સાયબર ગઠીયા છેતરી લેતાં હોય છે. વધુ એક વખત એપીકે ફાઇલ મોકલી યુવાનના ખાતામાંથી દસ લાખ રૂપિયા ઉસેડી લેવાયા હતાં. આરટીઓ ચલણની એપીકે ફાઇલ એક યુવાનને મળતાં તેણે ડાઉનલોડ કરી હતી અને એ સાથે જ તેનો ફોન હેક થઇ ગયા બાદ તેના બેંક ખાતામાંથી ધડાધડ રૂપિયા ગાયબ થઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો નિકોલમાં રહેતા યુવકના વોટ્સએપમાં એક આરટીઓ ચલણની એપીકે ફાઇલ અજાણ્યા શખ્સે મોકલી હતી. જે ડાઉનલોડ કરતા યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્જેક્શનથી દસ લાખ ઉપડી ગયા હતા. યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઇનમાં જાણ કરીને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પાંત્રીસ વર્ષીય યુવક લોખંડનો ધંધો કરે છે. યુવકના ફોનમાં ડિસેમ્બરમાં અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં આરટીઓ ચલણની ફાઇલ આવી હતી.

યુવાને અચાનક જ પોતાને આરટીઓનું ચલણ મળ્યું હોઇ પોતે ક્યાં ટ્રાફિક નિયમનો ભંગ કર્યો એ જાણવાની ઉત્સુકતાથી કે પછી ગભરાઇને જે ફાઈલ મળી હતી તે તુરત જ ડાઉનલોડ કરતા યુવકના ફોનમાં થોડીવારમાં બેન્કમાંથી પૈસા ટ્રાન્સફર થયાના મેસેજ આવ્યા હતા. યુવક મોબાઈલ સ્વીચ ઓફ કરીને બેંકમાં જતો રહ્યો હતો. યુવકને જાણ થઈ કે અજાણ્યા શખસે એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી મોબાઈલનું એક્સેસ મેળવી લીધું હતું. અજાણ્યા શખસે જ યુવકના આઈડી, પાસવર્ડ જાણીને તેના અને તેની પત્નીના બેંક એકાઉન્ટમાંથી ૯.૯૯




લાખ ઉપાડી લીધા છે. યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં ઓનલાઇન ફરિયાદ કરી હતી જે બાદ યુવકે આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

અન્ય એક કિસ્સામાં વ્યાજખોરીનો ચોંકાવનારો બનાવ પોલીસ ચોપડે પહોંચ્યો હતો. જેમાં વ્યાજે લીધેલા એક લાખ સામે એક લાખ વીસ હજાર ચુકવ્યા પછી વધુ રકમ વ્યાજે લઇ છ લાખ સાંઇઠ હજાર ચુકવી દીધા છતાં વેપારી પાસે વ્યાજખોરે વધુ નવ લાખની માંગણી કરી મારી નાંખવાની ધમકીઓ આપવાનું ચાલુ કર્યુ હતું. અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં ગેરકાયદે વ્યાજખોરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધંધામાં નાણાકીય સંકડામણનો સામનો કરી રહેલા એક કેટરિંગ વ્યવસાયી પાસેથી લાખો રૂપિયાની વસૂલાત કર્યા બાદ પણ વ્યાજખોરે વધુ નાણાંની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસે કહ્યું કે અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને કેટરિંગનો વ્યવસાય કરતા સંજીવકુમાર રાધેશ્યામપ્રસાદ કાયસ્થને ધંધા માટે તાત્કાલિક નાણાંની જરૂરિયાત ઉભી થઈ હતી. આ સમયે તેમણે ઓઢવ વિસ્તારમાં રહેતા વિકાસ ઉર્ફે વિક્કી અગ્રવાલ પાસેથી રૂ.૧ લાખ ઉછીના લીધા હતા. જેના બદલામાં માત્ર એક મહિનામાં જ રૂ.૧.૨૦ લાખ પરત ચૂકવી દીધા હતા. બાદમાં વ્યવસાયમાં ફરી નાણાકીય જરૂરિયાત ઉભી થતાં તેમણે વિકાસ પાસેથી રૂ.૫.૫૦ લાખની વધુ રકમ લીધી હતી. આ રકમ સામે તેમણે વ્યાજ સહિત કુલ રૂ.૬.૬૦ લાખ ચૂકવી દીધા હતા. આમ કુલ રૂ.૬.૫૦ લાખના ધિરાણ સામે રૂ.૭.૮૦ લાખથી વધુની ચૂકવણી કરવા છતાં આરોપીનો લોભ અટક્યો નહોતો.

વિકાસએ ચક્રવૃદ્ધિ વ્યાજ, દંડ અને અન્ય બહાનાઓ હેઠળ વધુ નાણાંની માંગણી શરૂ કરી હતી. એટલું જ નહીં, સંજીવકુમારને પોતાની ઓફિસે બોલાવી કોરા કાગળો પર લખાણ અને સહી કરાવી લીધી હતી. ત્યારબાદ ભવિષ્યમાં દબાણ કરી શકાય તે માટે તેનો વીડિયો પણ ઉતારી રાખ્યો હતો. વ્યાજખોરે ધમકી આપી હતી કે જો વધુ રૂપિયા નવ લાખ નહીં ચૂકવે તો તેના હાથ-પગ તોડી નાખશે, જાનથી મારી નાખશે અને મકાન પણ ખાલી કરાવી લેશે. સતત મળતી ધમકીઓ અને માનસિક ત્રાસના કારણે ગભરાયેલા સંજીવકુમારે પોતાના મિત્રોની મદદથી પણ રૂ.૨.૫૫ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. તેમ છતાં પજવણી યથાવત રહેતાં આખરે તેમણે પોલીસનો આશરો લીધો હતો. અમરાઈવાડી પોલીસે ફરિયાદના આધારે આરોપી વિકાસ ઉર્ફે વિક્કી અગ્રવાલ વિરુદ્ધ ધાકધમકી, ગેરકાયદે ઉઘરાણી અને ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### વધુ પાંચ કરૂણ ઘટનામાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા

# દિકરીને મળીને આવતા પિતાને રસ્તામાં કાળનો ભેટો


## બામણબોર પાસે ટ્રકનો ચાલક ટુવ્હીલર સહિત ઉલાળીને ભાગી જતાં મોતઃ બાળકીનું તાવથી મોતઃ મહિલા સહિત ત્રણને દિલની દગાખોરી નડીઃ એક પ્રૌઢનું બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ, તા. ૨૨

અપમૃત્યુના રોજબરોજ બની રહેલા બનાવો વચ્ચે વધુ પાંચ લોકોની જિંદગીનો અંત આવી ગયો હતો. વાહન અકસ્માતમાં એક પ્રૌઢનો જીવ ગયો હતો. એક બાળકીનો તાવથી ભોગ લેવાયો હતો. જ્યારે એક મહિલા સહિત ત્રણ લોકોને દિલની દગાખોરી નડી ગઇ હતી અને તેમના મૃત્યુ થયા હતાં.વિગતો જોઇએ તો રાજકોટના ખેરડી રહેતાં રમેશભાઇ ચોથાભાઇ ગોહેલ નામના છપ્પન વર્ષના પ્રૌઢ મોટરસાઇકલ હંકારી નજીકના ખીજડીયા ગામે દિકરીના ઘરે આટો મારવા ગયા હતાં. ત્યાંથી તેઓ પરત પોતાના ગામ આવી રહ્યા હતાં તે વખતે બામણબોર બાઉન્ડ્રી નજીક ભારત પેટ્રોલ પંપ પાસે પહોંચતા ટ્રકના ચાલકે બાઇકને ઠોકરે ચડાવતાં તેઓ બાઇક સહિત રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી.તેમને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસની હદની આ ઘટના હોઇ ત્યાં જાણ કરી હતી. મૃત્યુ પામનાર રમેશભાઇ ખેતી કમા કરી ગુજરાન ચલાવતાં હતાં. અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સામે કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

બીજી એક ઘટના જોઇએ તો એક માસુમ બાળકીનું તાવથી મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. લોધીકાના ચીભડા ગામમાં રહેતાં પરપ્રાંતિય દંપતિની ત્રણ વર્ષની દિકરીને તાવ ભરખી ગયો હતો.લોધીકાના ચીભડા ગામે રહેતાં અને ખેત મજૂરી કરતાં લોકેશભાઇ ભુદરીયાની દિકરી રાધિકા નામની ત્રણ વર્ષની દિકરી બેભાન જેવી થઇ જતાં લોધીકા સારવાર અપાવી રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડાતાં બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ અહિ તેણીનું મોત થતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

મૃત્યુ પામનાર રાધીકા ત્રણ બહેન



અને એક ભાઈમાં નાની હતી. તેણીને ગુરૂવારથી તાવ આવતો હોઇ દવા લીધી હતી. બાદમાં અચાનક બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાતાં મોત થયું હતું. લોધીકા પોલીસને મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે અન્ય ત્રણ બનાવમાં દિલની દગાખોરી ત્રણ લોકોનો જીવ લઇ ગઇ હતી. હૃદય રોગના હુમલાને કારણે મૃત્યુના ત્રણ બનાવો બન્યા છે. મવડી ચોકડી પાસે રહેતાં ચાલીસ વર્ષના મહિલા દિકરી સાથે દુધ લેવા નીકળ્યા ત્યારે મવડી ચોકડીએ જ હૃદય બેસી જતાં મોત થયું હતું. જ્યારે શ્રોફ રોડ પર સુરજ એપાર્ટમેન્ટમાં રહેતાં વૃધ્ધનું ઘરે હૃદય બેસી જતાં મૃત્યુ થયું હતું. ત્રીજા બનાવમાં જંકશન પ્લોટના વૃધ્ધનું પણ આવા કારણોસર મૃત્યુ થયું હતું.મવડી ચોકડી પાસે જીથરીયા હનુમાનજીના મંદિર નજીક મુકેશભાઇ આહિરના મકાનમાં ભાડેથી રહેતાં ચાલીસ વર્ષના શીતલબેન હરિઓમ શર્મા ઘરેથી સોળ વર્ષની દિકરીને સાથે લઇ મવડી ચોકડીએ દુધ લેવા ગયા ત્યારે અચાનક બેભાન થઇ ઢળી પડતાં ટ્રાફિક પોલીસનો સ્ટાફ હાજર હોઇ તુરત જ તેણીને સિવિલ હોસ્પિટલે ખસેડવા તજવીજ કરી હતી.

આ બનાવની જાણ થતાં મકાન માલિક મુકેશભાઇ પણ હોસ્પિટલે પહોંચ્યા હતાં. જો કે સારવાર દરમિયાન શીતલબેને મોડી રાતે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પીએસઆઇ ડી. બી. ગાધેએ કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારના પતિ હયાત નથી. પોતે છુટક કામ કરી દિકરીનું અને પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. મૃતકના યુપી રહેતાં સગાને પોલીસે જાણ કરી હતી.

અન્ય ઘટનામાં શ્રોફ રોડ પર સુરજ એપાર્ટમેન્ટ-૧માં ફ્લેટ નં. ૬૧માં રહેતાં વિનોદરાય ગોપાલદાસ જાગાણી નામના એકોતેર વર્ષના વૃધ્ધ ઘરે બેભાન થઇ પડી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર વિનોદરાય ત્રણ બહેનના એકના એક મોટા ભાઇ હતાં અને નિવૃત જીવન જીવતાં હતાં. એક દિકરાનું અગાઉ અવસાન થયું હોઇ પોતે એકલા રહેતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે વધુ એક ઘટનામાં જંકશન પ્લોટ-૧૫ વિનય પાર્કમાં રહેતાં તુલસીદાસ રેવાચંદ આઇલાણી નામના બાંસઠ વર્ષના વૃધ્ધ ઘરે હતાં ત્યારે શ્વાસ લેવામાં તકલીફ થતાં અને એકાએક બેભાન થઇ જતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તબિબે તેમને નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર ભુતખાના ચોકમાં મશીનરી પાર્ટસનો વેપાર કરતાં હતાં. છ ભાઇ અને બે બહેનમાં ચોથા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

તેમજ અન્ય એક અપમૃત્યુના બનાવમાં આજીડેમ ચોકડી માંડા ડુંગર નજીક માધવ વાટીકા-૫માં રહેતાં બાવન વર્ષના રામશ્રય હરિનાથ રામ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કારખાનામાં મજુરી કરતાં હતાં. તેમને સંતાનમાં ત્રણ દિકરા છે. કેન્સરની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. આમ વધુ પાંચ અપમૃત્યુ થતાં પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

### ગમે તેમ કરી ગામના ગરીયા ફેરવનારા વસવાટ કરે છે ગામોગામઃ રાજકોટમાં વધુ એક ફ્રોડ

# વૃધ્ધને છેતરી ૨૪ાા લાખનો ચૂનો

## પોતાના નામે લોન થતી નથી કહી ગઠીયાએ ભોળવીને વૃધ્ધના નામે લોન મેળવી બે જ હપ્તા ભર્યા પછી ગાયબ થઈ ગયોઃ તાલુકા પોલીસે શરૂ કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૨૨

ગમે તેમ કરીને ગામના ગરીયા ફેરવી નાખવા વાળા ગામોગામ વસવાટ કરતાં હોય છે. આવા લોકો સમયાંતરે પોતાના માહ્યલાને જાગૃત કરીને છેતરપીંડીના તૂત કરીને પોતાના ગજવા ભરીને ભાગી જતાં હોય છે. આવી જ વધુ એક ઘટના રાજકોટ શહેરમાં બની છે. અહિ રહેતાં નિવૃત જીવન જીવતાં વૃધ્ધ અગાઉ સિક્યુરીટી તરીકે કામ કરતાં હતાં ત્યારે પરિચયમાં આવેલા શખ્સે પોતાના નામે લોન થતી ન હોઇ આ વૃધ્ધના નામે ઇનોવા કારની સાડા ચોવીસ લાખની લોન મંજુર કરાવડાવી કાર ખરીદી લીધા બાદ લોનના માત્ર બે હપ્તા ભરી બાદમાં ફોન બંધ કરી દેતાં અને ગાયબ થઇ જતાં વૃધ્ધે પોલીસની મદદ લીધી હતી.

વિગતો પર નજર કરીએ આ બનાવમાં તાલુકા પોલીસે મોટા મવા માસુમ સ્કૂલ પાસે રૂદ્ર એપાર્ટમેન્ટમાં રહેતાં અને નિવૃત જીવન જીવતાં સાંઇઠ વર્ષના ગીરીશભાઇ પ્રવિણચંદ્ર ભટ્ટની ફરિયાદ પરથી સફલ રેસીડેન્સીમાં રહેતાં રામ રંગાણી વિરૂધ્ધ ૨૪ લાખ ૫૦




હજારની ઠગાઇની એફઆઇઆર દાખલ કરી હતી. ગીરીશભાઇ ભટ્ટ પરિવાર સાથે રહે છે. તેઓ અગાઉ સુત્રાપાડા ખાતેની ગુજરાત હેવી કેમીકલ લિમીટેડ કંપનીમાં ફરજ બજાવતાં હતાં અને હાલ નિવૃત છે. ફરિયાદમાં જણાવાયા મુજબ ગીરીશભાઈ અગાઉ સ્પીડવેલ ચોક નજીક પેન્ટાગોન બિલ્ડીંગ ખાતે સીક્યુરીટી તરીકે કામ કરતા હતા ત્યારે તેઓની મુલાકાત સુધીરભાઈ ખુંટ નામના વ્યક્તિ સાથે થઈ હતી.

સુધીરભાઈએ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બીગ બજાર પાસે લેવલ-૬ બિલ્ડીંગમાં ટ્રેડીંગની ઓફિસ શરૂ કરી ગીરીશભાઈને ત્યાં સીક્યુરીટી ગાર્ડ તરીકે નોકરીએ રાખ્યા હતા. આ નોકરી દરમિયાન ઓફિસમાં રામ રંગાણી નામનો શખ્સ સુધીરભાઈ સાથે પાર્ટનર તરીકે જોડાયો હતો, જે જમીન-મકાન લે-વેંચ અને ટ્રેડીંગનું કામ કરતો હતો. છ મહીના સુધી સાથે નોકરી કર્યા બાદ ઓક્ટોબર-૨૦૨૫માં રામ રંગાણીએ ગીરીશભાઈને વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે-મારે એક ફોર-વ્હીલ ગાડી લોન પર લેવી છે પરંતુ મારા આધારકાર્ડ વેરિફિકેશનમાં હાથના ફિંગરપ્રિન્ટ લેવાતા નથી અને સ્કેન થતા નથી, જેના કારણે મારા નામે લોન મંજૂર થતી નથી.

બાદમાં રામ રંગાણીએ ગીરીશભાઈને ખાતરી આપી હતી કે જો તેઓ પોતાના નામે લોન કરાવશે તો ગાડીના તમામ હપ્તા પોતે નિયમિત રીતે ચુકવતો રહેશે. ગીરીશભાઈ તેની વાતોમાં આવી જતાં રામે એચડીએફસી બેંકના સ્ટાફને ઓફિસે બોલાવી પ્રથમ લોનની પ્રોસેસ કરાવી હતી જે નામંજૂર થઈ હતી.ત્યારબાદ રામ રંગાણીએ રાજકોટના ગણેશ ટોયોટા શો-રૂમના ફાઈનાન્સ એજન્ટ ચેતનભાઈ ડોબરીયા મારફતે ગીરીશભાઈના દસ્તાવેજો મેળવી ફાઈલ તૈયાર કરાવી હતી. પરંતુ રાજકોટમાં વ્હાઈટ-પર્લ મોડલની ઈનોવા ગાડી ઉપલબ્ધ ન હોવાનું કહી, રામ રંગાણીના સુરત રહેતા અન્ય બે પાર્ટનર રૂપેશભાઈ અને અરૂણભાઈએ આ લોનની પ્રોસેસ સુરત નાણાવટી ટોયોટા એજન્સી શો-રૂમ ખાતે ટ્રાન્સફર કરાવી હતી.

ગીરીશભાઈના નામે ટોયોટા ફાયનાન્સીયલ સર્વિસીસ ઈન્ડિયા લિમિટેડમાંથી માસિક રૂપીયા ૮૮,૧૯૦ના ૩૧ હપ્તા લેખે કુલ રૂપીયા ૨૪,૫૦,૦૦૦ની લોન મંજૂર કરાવી લેવામાં આવી હતી. આ લોન પરથી ઈનોવા ક્રિસ્ટાનં. જીજે૩૨એજી-૨૨૯૬ ખરીદીને રાજકોટ લાવવામાં આવી હતી. ગાડી રાજકોટ આવ્યા બાદ રામ રંગાણીએ પોતાની પાસે રાખી લીધી હતી. શરૂઆતના બે મહિના સુધી તેણે લોનના હપ્તા ચુકવ્યા હતાં. ત્યારબાદ તે પોતાની ઓફિસ બંધ કરી ક્યાંક ચાલ્યો ગયો હતો. બેંકમાંથી હપ્તા ચડત થતાં ગીરીશભાઈએ રામભાઈનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો.

પરંતુ તેના બંને મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવી રહ્યા છે. હાલ ગાડી કઈ જગ્યાએ છે તેની પણ કોઈ વિગત મળી રહી નથી. ભોગ બનનાર નિવૃત વૃધ્ધ ગીરીશભાઈ ભટ્ટે અંતે રામ રંગાણી સામે પુર્વયોજીત કાવતરૂ રચી, વિશ્વાસમાં લઈ પોતાના નામે લોન કરાવી ૨૪.૫૦ લાખની ઈનોવા કાર મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી છે. તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં હેડકોન્સ. મયુરભાઇ બી. ઠાકરે ફરિયાદ દાખલ કરી આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### યુનિવર્સિટી રોડ પર ઘનશ્યામનગરમાં રાતે ફ્લેટ પાસે ગાળો બોલનારને સમજાવતાં ઉશ્કેરાયો

# તું સલાહ સુચન દેતી નહિ, મજા નહિ આવેઃ મહિલાને ધમકી

રાજકોટ, તા. ૨૨

અમુક તત્વો એવા હોય છે જે ગમે ત્યાં ગમે તેની સાથે લુખ્ખાગીરી આચરી લેતાં હોય છે. યુનિવર્સિટી રોડ પર ઘનશ્યામનગરમાં રહેતાં એક મહિલાએ પોતાના ઘર નજીક મોડી રાતે ગાળાગાળી થતી હોઇ અજાણ્યા ચાર શખ્સો ત્યાં ઉભા હોઇ તેને ઘર પાસે ગાળો બોલવાની ના પાડતાં બે શખ્સ જતાં રહ્યા બાદ બાકીના બેમાંથી એક શખ્સે આ મહિલા સાથે જેમફાવે તેમ બોલી ગાળો દઇ પથ્થરમારો કરી હાથ, માથામાં ઇજા કરતાં અને તું મને ઓળખતી નથી કહી ધમાલ મચાવતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

**પથ્થરમારો કરી ઈજા પહોંચાડીઃ મહિલાએ દેકારો મચાવતાં લોકો ભેગા થઈ જતાં વાહન મુકીને ભાગ્યોઃ નંબરને આધારે પોલીસે તપાસ હાથ ધરી**

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ઘનશ્યામનગર મેઇન રોડ ચિત્રકુટ મંદિર પાસે હિંદવા હોમ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૪૦૩માં રહેતાં મીનાબેન ઉર્ફે મીરાબેન ગોવિંદભાઇ બાવલા નામના છત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી એક્સેસ નં. જીજે૩એક્યુ-૮૧૮૮ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.આ ઘટના બારામાં મીનાબેને ફરિયાદમાં જણાવ્યું હતુ કે હું પ્રાઇવેટ નોકરી કરુ છું.

રાતે બારેક વાગ્યે મારા ફ્લેટમાં હતી ત્યારે બારીમાંથી ગાળાગાળીનો અવાજ આવતાં હું નીચે રોડ પર જોવા જતાં ચાર શખ્સો ઉભા હોઇ તેને મેં અહિ ઘર પાસે ગાળો ન બોલો તેમ કહેતાં બે શખ્સો જણાં રહ્યા હતાં અને બાકીના બે ત્યાં જ ઉભા હતાં. તેમાંથી એક શખ્સ પાસે ૮૧૮૮ નંબરનું ટુવ્હીલર હતું.

તે આશરે પચ્ચીસેક વર્ષનો અને પાતળા બાંધાનો હતો. તેમજ તેણે આખી બાંહનો ક્રીમ શર્ટ અને નીચે વાદળી જીન્સ પહેરેલુ હતું. આ શખ્સે મારી સાથે બોલાચાલી કરતાં તેની સાથેના માણસે તેને સમજાવ્યો હતો. આમ છતાં તેણે ઝઘડો ચાલુ રાખી કહ્યું હતું કે-તું મને ઓળખતી નથી, તારે મને સલાહ સુચના આપવા નહિ, નહિતર મજા નહિ તેમ કહી ગાળો દેવા માંડ્યો હતો.

મેં ગાળો બોલવાની ના પાડતાં તે થોડે દુર જઇ પથ્થરા લાવ્યા હતો અને છુટા ઘા કરતાં હું બચાવ કરતાં જતાં જમણા હાથમાં કાંડામાં ઇજા થઇ હતી. તેમજ એક પથ્થર માથામાં લાગી ગયો હતો. બાદમાં તે ફરીથી નજીક આવીને -તારે શું પાવર છે? કહી ગાળો દેવા માંડ્યો હતો અને મને ધક્કો દઇ પછાડી દીધી હતી. જેના કારણે પગમાં ઇજા થઇ હતી. મેં રાડારાડ કરતાં લોકો ભેગા થઇ જતાં આ શખ્સ તેનું વાહન મુકીને ભાગી ગયો હતો. મને દુઃખાવો થતો હોઇ ૧૦૮ બોલાવી હતી અને સારવાર લીધી હતી. બાદમાં પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ કરી હતી. તેમ વધુમાં મીનાબેને જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ફરિયાદ નોંધી તપાસ આળગ ધપાવી હતી.

### વધુ ચાર લોકોએ જુદા જુદા કારણોસર દુનિયા છોડી દીધીઃ બે લોકોના હૃદય બેસી જતાં, બેભાન થતાં મૃત્યુ

# બે વૃધ્ધ, એક પરિણીતાએ ખાધો ગળેફાંસો

**એક વૃધ્ધાએ એસિડ પી આત્મહત્યા કરીઃ યાર્ડમાં સરગવો વેંચવા આવેલા પ્રૌઢ એકાએક ઢળી પડતાં મોતઃ રતનપરના આધેડનું બભાન હાલતમાં મૃત્યુ**

રાજકોટ, તા. ૨૨

અલગ અલગ કારણોસર અને અમુકે કારણ વગર ગળાફાંસો ખાઇ દુનિયામાંથી વિદાય લઇ લીધી હતી. શહેરમાં અલગ અલગ બે બનાવમાં બે વૃધ્ધે અને એક પરિણીતાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો. મવડી પ્લોટના વિનાયક નગરમાં રહેતાં સડસઠ વર્ષના વૃધ્ધે મોડી રાતે ઘરના રસોડામાં દોરી બાંધી, કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટરમાં રહેતાં ત્રેસઠ વર્ષના વૃધ્ધે રૂમમાં ચુંદડી બાંધી ફાંસો ખાઇ લીધો હતો. તેમજ એચજે દોશી હોસ્પિટલ પાસે વિનાયક સોસાયટીમાં ચોવીસ વર્ષના પરિણીતાએ પણ અકળ કારણોસર ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કર્યુ હતું.પ્રથમ ઘટના પર નજર કરીએ તો મવડી પ્લોટ શ્રીનાથજી સોસાયટી પાસે વિનાયકનગર-૪માં રહેતાં ધીરજભાઇ આપાભાઇ ડાંગર નામના સડસઠ વર્ષના વૃધ્ધે રાતે દોઢેક વાગ્યે ઘરના રસોડામાં છતમાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં પીએસઆઇ ડી. બી. ગાધેએ જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર ધીરજભાઇ ડાંગર ત્રણ બહેન અને બે ભાઇમાં બીજા હતાં.

આપઘાત કરનારને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે નિવૃત જીવન જીવતાં હતાં. તેમને મગજની દવા ચાલુ હતી. બિમારીથી કંટાળી પગલુ ભર્યાની શક્યતા પરિવારજને જણાવી હતી. રાતે દોઢેક વાગ્યે ઘરના સદસ્ય જાગ્યા ત્યારે ધીરજભાઇ લટકતાં મળતાં દેકારો મચાવતાં બીજા પરિવારજનો જાગી ગયા હતાં અને તેમને નીચે ઉતારી તત્કાળ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પણ સારવાર કારગત નીવડી નહોતી.અન્ય એક ઘટનામાં કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટર બી-૧૧૧માં ખોડીયાર હોટલ પાસે રહેતાં યશવંતભાઇ જેન્તીભાઇ ભીમજીયાણી નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધે સાંજે ઘરે રૂમમાં ચુંદડીથી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. યવશંતભાઇ બે બહેન અને ત્રણ ભાઇમાં મોટા હતાં અને નિવૃત જીવન જીવતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. સાંજે સાડા ચારેક વાગ્યે મોટા દિકરા વૃજેશભાઇ પિતાના રૂમમાં જતાં તેઓ લટકતાં મળતાં તુરત જ બેભાન હાલતમાં નીચે ઉતારી હોસ્પિટલે ખસેડ્યા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. એક વર્ષ પહેલા યશવંતભાઇના ધર્મપત્નિ ઇલાબેનનું વાલ્વની બિમારીથી અવસાન થયું હતું.



ત્યારથી તેઓ સતત ડીપ્રેશનમાં રહેતાં હોઇ આ કારણે પગલુ ભરી લીધાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. યોગેશભાઇ મકવાણાએ જરૂરી કાર્યવાહી કરી હતી.આત્મહત્યાના વધુ એક બનાવમાં એક પરિણીતાએ ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ છે. દોશી હોસ્પિટલ નજીક વિનાયક સોસાયટી-૧૪માં રહેતી કિંજલબેન રાજેન્દ્રભાઇ રાઠોડ નામની ચોવીસ વર્ષની પરિણીતાએ સાંજે ઘરે ગળાફાંસો ખાઇ લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ તેણીનું મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના એએસઆઇ એસ. વી. જોરાએ કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર કિંજલબેનના લગ્ન સાડા ત્રણ વર્ષ પહેલા થયા હતાં. આપઘાત કરનારને સંતાનમાં એક વર્ષનો દિકરી છે. તેણીના માવતર રાજકોટમાં રહે છે. પતિ રાજેન્દ્રભાઇ રિક્ષાના ફેરા કરી ગુજરાન ચલાવે છે. પતિએ જણાવ્યું હતું કે હું સાંજે રિક્ષાના ફેરા કરવા ગયો હતો. મારા માતા જસુબેન બહારથી કામ કરી ઘરે પહોંચ્યા ત્યારે રૂમમાં મારી એક વર્ષની દિકરી રડતી હોઇ તે તપાસ કરવા જતાં મારા પત્નિ કિંજલબેન લટકતા મળ્યા હતાં. બનાવને પગલે પાડોશીઓ ભેગા થઇ જતાં તેણીને નીચે ઉતારી હોસ્પિટલે ખસેડી હતી. મને જાણ થતાં હું પણ પહોંચી ગયો હતો. જો કે ટુંકી સારવાર બાદ તેણીનું મૃત્યુ થયું હતું. આપઘાતનું કારણ પોતે જાણતા ન હોવાનું પતિ રાજેન્દ્ર રાઠોડે કહેતાં માલવીયાનગર પોલીસે તપાસ યથાવત રાખી છે. તપાસનીશ પીએસઆઇ ડી. બી. ગાધેએ જણાવ્યું હતું કે હાલ કારણ બહાર ન આવતાં તપાસ યથાવત રાખવામાં આવી હતી.પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. બીજી ઘટનામાં ચોટીલામાં જુના બસ સ્ટેશન પાછળ રહેતાં વાલીબેન જીવાભાઇ રાઠોડ નામના પાંસઠ વર્ષના વૃધ્ધા દસેક વાગ્યે એસિડ પી જતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. મૃતકને સંતાનમાં ત્રણ દિકરા છે. બિમારીથી કંટાળીને પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ ચોટીલા પોલીસને કરી હતી. અન્ય ઘટનામાં મોરબી રોડ પર આવેલા રતનપરમાં રહેતાં ભરતભાઇ વિનુભાઇ ચૌહાણ નામના છેતાલીસ વર્ષના આધેડે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. બિમારીથી મોત થયાની શક્યતા જણાવાઇ હતી. હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં કુવાડવા રોડ પોલીસને જાણ કરવામાં આવી હતી.

# મિસરી સ્પાઈસીસ ફેક્ટરી માંથી ૧.૯૦ કરોડનો જથ્થો જપ્ત




## ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહીઃ જામવાડી જીઆઇડીસીમાં તપાસનો ધમધમાટ

રાજકોટ, તા . ૨૨

રાજ્યભરમાં મહાનગરપાલિકા હાલ ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડી અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવે પુરવઠા વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ભેળસેળની શંકાના આધારે વિવિધ સ્થળો પર તપાસનો ધમધમાટ વધાર્યો છે. મળતી માહિતી મુજબ જામવાડી જીઆઇડીસી વિસ્તારમાં આવેલી મિસરી સ્પાઈસીઝ નામની ફેક્ટરી માંથી ૭૯,૯૦૦ કિલો શંકાસ્પદ જથ્થો જપ્ત કરી સીઝ કરવામાં આવ્યો હતો. વિભાગની ટીમે ફેક્ટરી પર દરોડા પાડી મસાલા, લોટ અને પામતેલ સહિતનો આશરે ૭૯,૯૦૦ કિલો શંકાસ્પદ જથ્થો સીઝ કર્યો હતો. આ જથ્થાની અંદાજિત કિંમત લગભગ રૂ. ૧.૯૦ કરોડ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

માહિતી મુજબ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને ફેક્ટરીમાં ભેળસેળયુક્ત ખાદ્ય સામગ્રીના ઉત્પાદન અને સંગ્રહ અંગે ચોક્કસ માહિતી મળી હતી. તેના આધારે અધિકારીઓએ જામવાડી ૠઈઉઈ વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં અચાનક દરોડા પાડી તપાસ શરૂ કરી હતી. દરોડા દરમિયાન ફેક્ટરીમાંથી ધાણા પાવડર, મરચું પાવડર, હળદર, ચોખાનો લોટ, મકાઈનો લોટ તેમજ પામતેલ જેવા ખાદ્ય પદાર્થોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

અધિકારીઓએ જથ્થાની પ્રાથમિક તપાસ દરમિયાન તેમાં ભેળસેળ હોવાની શંકા વ્યક્ત કરી હતી. જેના કારણે સમગ્ર જથ્થો સીઝ કરીને તેની કાયદેસરની નોંધ લેવામાં આવી છે. સાથે જ ફેક્ટરી પાસે ખાદ્ય ઉત્પાદન અને વેચાણ માટે જરૂરી માન્ય લાયસન્સ ન હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે, જેને ગંભીર ઉલ્લંઘન તરીકે જોવામાં આવી રહ્યું છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ફેક્ટરીમાંથી અલગ-અલગ ખાદ્ય સામગ્રીના નમૂનાઓ એકત્રિત કરીને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. હવે લેબ રિપોર્ટ આવ્યા બાદ જ ચોક્કસપણે કહી શકાશે કે જપ્ત કરાયેલો જથ્થો માનવ આરોગ્ય માટે નુકસાનકારક હતો કે નહીં અને તેમાં કઈ પ્રકારની ભેળસેળ કરવામાં આવી હતી. રિપોર્ટના આધારે ફેક્ટરી સંચાલકો સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે જામવાડી ૠઈઉઈ વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની સતત કાર્યવાહી ચાલી રહી છે. બે દિવસ પહેલાં પણ આ જ વિસ્તારમાં આવેલી 'સત્યમ મસાલા' નામની ફેક્ટરીમાં વિભાગે દરોડા પાડી કાર્યવાહી કરી હતી. એક પછી એક મસાલા ફેક્ટરીઓમાં થતી કાર્યવાહીથી જામવાડી ૠઈઉઈ વિસ્તારમાં ખાદ્ય સુરક્ષા અને ભેળસેળના મુદ્દે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. સ્થાનિક સ્તરે મસાલા અને ખાદ્ય સામગ્રીના ઉત્પાદનમાં નિયમોનું પાલન થાય છે કે નહીં, લાયસન્સ વગર ફેક્ટરીઓ કેવી રીતે કાર્યરત છે, અને ગ્રાહકોના આરોગ્ય સાથે કોઈ બેદરકારી તો થઈ રહી નથી ને તેવા સવાલો હવે વધુ તીવ્ર બન્યા છે. હાલ વિભાગ લેબ રિપોર્ટની રાહ જોઈ રહ્યો છે અને ત્યારબાદ વધુ ખુલાસા થવાની શક્યતા છે.

મળતી માહિતી મુજબ હાલ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ માલુમ પડ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી દ્વારા તમામ મહાનગરપાલિકા તથા પુરવઠા વિભાગની સાથોસાથ ડ્રગ્સ વિભાગને પણ સૂચિત કરી જે જગ્યા પર ભેળસેળ થતી હોય તેના પર કડક પગલાં લેવા અને તે એકમોને સીલ કરી ભારે દંડની જોગવાઈ પણ કરી છે હાલ તે મુજબ મહાનગરપાલિકાઓમાં વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી તપાસનો ધમધમાટ વધાર્યો છે. હાલ જે રીતે વાસી ખોરાક જોવા મળે છે તેની સામે અગાઉ કેમ તંત્ર દ્વારા આ પ્રકારના પગલાં લેવામાં ન આવ્યા તે અંગે ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે.

# સાસણમાં સિંહ દર્શન ૧૬ ઓક્ટોબર સુધી બંધ

## વધારવામાં આવેલી આઠ દિવસની મુદત ગઈકાલે પૂર્ણ થતા જ લેવાયો નિર્ણય : વરસાદ ખેંચાતા વધારાઈ 'તી મુદત



રાજકોટ, તા. ૨૨

છેલ્લા ઘણા સમયથી સાસણગીર સમાચારોમાં ઘેરાયેલું રહ્યું હતું કારણ કે તંત્ર દ્વારા સિંહ દર્શનનો સમય વધારવામાં આવ્યો હતો જે ગઈકાલે પૂર્ણ થઈ ચૂક્યો છે. હવે ગીર સફારી ૧૬ ઓક્ટોબર સુધી બંધ રહેશે અને રાબેતા મુજબ ૧૭ થી શરૂ થશે તેવું હાલ જાણવા મળ્યું છે. છેલ્લા ઘણા સમયથી ૧૫ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી વરસાદી સીઝન હોવાના પગલે પ્રવાસન ગતિ વિધિ પર રોક મૂકી દેવાતી હોય છે પરંતુ હજુ ગીર વિસ્તારમાં વરસાદ ન થતા એક સપ્તાહ માટે સિંહદર્શનનો સમય વધારવામાં આવ્યો હતો જે ગઈકાલે પૂર્ણ થઈ ચૂક્યો છે.

જેમાં ૨૨ તારીખે વધારાના આઠ દિવસની સમય મર્યાદા પૂર્ણ થતા સાંજે ૬:૩૦ કલાકે સફારી પરત આવ્યા બાદ ચાર મહિના સુધી સાસણ સફારી પાર્ક તમામ પ્રવાસન ગતિવિધિઓ માટે બંધ કરવામાં આવશે. ગીર સાસણ સફારી પાર્ક ૧૫મી ઓક્ટોબર સુધી બંધ થવા જઈ રહ્યું છે. સામાન્ય રીતે સાસણ સફારી પાર્ક અભયારણ્યના રૂપમાં અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષોથી ચોમાસાના સમય ને ધ્યાને રાખીને ૧૫ મી જુન થી ૧૫ મી ઓક્ટોબર સુધી તમામ પ્રવાસન ગતિ વિધિ માટે સાસણ સફારી પાર્ક બંધ રાખવામાં આવતું હોય છે, પરંતુ આ વર્ષે ૧૫મી જુન બાદ વરસાદની કોઈ સ્થિતિ ન હોવાને કારણે રાજ્યના વન વિભાગ અને સરકારે ૧૫મી તારીખે સાસણ સફારી પાર્ક બંધ કરવાની મુદતમાં એક અઠવાડિયાનો વધારો કરીને ૨૨મી જૂન સાંજે ૬:૩૦ કલાકે અંતિમ સફારી આવ્યા બાદ સફારી પાર્કને બંધ કરવાની જાહેરાત કરી છે.

સામાન્ય રીતે સાસણ સફારી પાર્ક દિવાળી પહેલા ૧૬ મી ઓક્ટોબર થી વિધિવત રીતે તમામ પ્રવાસન ગતિ વિધિ માટે ખોલવામાં આવતું હોય છે, પરંતુ આ વર્ષે ૧૬મી ઓક્ટોબરની જગ્યા પર ૧૦ દિવસ વહેલા એટલે કે પાંચમી ઓક્ટોબરથી વિધિવત રીતે પ્રવાસન ગતિવિધિ સાસણ સફારી પાર્કમાં શરૂ કરવામાં આવી હતી. આ વર્ષે સફારી પાર્ક શરૂ થવાના દિવસોમાં દસ દિવસનો વધારો તેમજ બંધ કરવાના સમયમાં પણ એક અઠવાડિયાનો વધારો કરીને આ વર્ષે ૧૫ દિવસ વધારે સફારી શરૂ રાખવામાં આવી હતી. જેને કારણે પ્રવાસીઓએ પંદર દિવસ દરમિયાન વિશેષ પ્રકારે સિંહોના દર્શન સફારી પાર્કમાં કર્યા હતા.

સાસણ સિંહ સદનના નાયબ વન સંરક્ષક ડો અગ્નિશ્વર વ્યાસે મધ્યમોને આપેલી વિગતો અનુસાર આ વર્ષે સાસણ સફારી પાર્કમાં ૯ મહિના દરમિયાન બે લાખ કરતા વધારે તેમજ દેવળિયા સફારી પાર્કમાં ૮ લાખ કરતાં વધારે મળીને કુલ સમગ્ર વર્ષ દરમિયાન સાસણ અને દેવળીયા સફારી પાર્કમાં ૧૦ લાખ કરતા પણ વધારે પ્રવાસીઓએ સિંહ દર્શનની સાથે જંગલ સફારીની મોજ માણી હતી. આ વર્ષે વરસાદ ખેંચાતા એક અઠવાડિયા સુધી સાસણ સફારી પાર્ક વધારે ચાલુ રાખવામાં આવ્યું હતું. આ સિવાય વર્ષ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ કેન્દ્ર ગુજરાત સહિત અન્ય રાજ્યના મુખ્યપ્રધાનો,સુપ્રીમ કોર્ટના જજ,કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રધાનો, લાકારો સહિત અનેક નામની અનામી અને વીઆઈપી લોકોએ પણ નવ મહિના દરમિયાન સાસણમાં સિંહ દર્શન અને સફારી પાર્કની મજા માણી ચુક્યા છે.



# આજી - ન્યારીમાં સરેરાશ ૧૬ ટકા પાણી

## વરસાદ ખેચાશે તો સૌની યોજના પર રાખવો પડશે મદારઃ સૌરાષ્ટ્રના ડેમોમાં ૨૭ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ

રાજકોટ, તા..૨૨

ચોમાસાની હજી તો શરૂઆત થઈ રહી છે ત્યાં જ સૌરાષ્ટ્ર પર પાણીનું સંકટ તોળાઈ રહ્યું છે. ઉનાળાના આકરા તાપ અને વિલંબિત વરસાદને કારણે સૌરાષ્ટ્રના નાના-મોટા જળાશયો તળિયાઝાટક થવાને આરે છે. હાલની સ્થિતિએ સૌરાષ્ટ્રના તમામ ડેમોમાં ૨૭.૨૧ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. તો રાજકોટના બે મુખ્ય જીવા દોરી સમાન આજી અને ન્યારી એકમાં ૧૬.૫ ટકા જ જળજથ્થો બચ્યો છે, જે આગામી દિવસો માટે ચિંતાનો વિષય છે. સૌરાષ્ટ્રના મોટાભાગના મુખ્ય ડેમોમાં પાણીની આવક નહિવત છે અને બાષ્પીભવનનો દર ઊંચો રહ્યો છે. જો આગામી દિવસોમાં સાર્વત્રિક અને સારો વરસાદ નહીં થાય, તો સૌરાષ્ટ્રના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ શકે છે.સ્થાનિક વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, અત્યારે ઉપલબ્ધ પાણીનો જથ્થો માત્ર પીવા માટે અનામત રાખવામાં આવી રહ્યો છે. જો મેઘરાજા આગામી એક-બે અઠવાડિયામાં મન મૂકીને નહીં વરસે, તો વિકટ પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે અને રાજકોટ એ સૌની યોજના પર જ નિર્ભર રહેવું પડશે. ઉનાળાની આકરી વિદાય બાદ હવે સૌરાષ્ટ્રના ડેમો માત્ર ૨૧ ટકા પાણી સાથે ખાલીખમ થવાને આરે છે. કુદરત વહેલી કૃપા કરે અને મેઘરાજા ધમાકેદાર બેટિંગ શરૂ કરે તેની જ હવે ચાતક નજરે રાહ જોવાઈ રહી છે. રાજકોટના નવ જળાશયોની વાત કરવામાં આવે તો સરેરાશ ૧૫ ટકા જેટલું પાણી ઉપલબ્ધ છે.

## સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ સાથે સંબંધીઓની યાતના કપરી

# દવા માટે ફેબ્રુઆરીમાં ટેન્ડર પ્રક્રિયા, હજુ નથી ખુલ્યા

રાજકોટ, તા. ૨૨

કેન્દ્ર સરકાર દ્વારા લોકોના આરોગ્યને પ્રાધાન્ય આપી અનેકવિધ યોજનાઓ અમલી બનાવી પરંતુ ક્યાંક ને ક્યાંક યોગ્ય કામગીરી થતી ન હોવાના કારણે ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે અને દર્દીઓના સગાઓને પણ હેરાન થવું પડે છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ની વાત કરવામાં આવે તો છેલ્લા ઘણા સમયથી દવાઓ માટે એજન્સી નિમ્વા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી પરંતુ આજ દિન સુધી તે અંગે કોઈ જ નિર્ણય લેવાયો નથી અને ટેન્ડરો પણ ખુલ્યા નથી પરિણામ સ્વરૂપે હાલ દર્દીઓએ ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રતિ દિવસ દવાઓ મેળવવા માટે દર્દીના સગાઈ યાતના પણ વેઠવી પડી રહી છે. મહત્વની દવાઓ સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોવાના કારણે ખાનગી મેડિકલ સ્ટોર સુધી પહોંચવું પડે છે જે અત્યંત મોંઘીદાટ હોય છે. અગાઉ પણ સિવિલ હોસ્પિટલની ઢીલી નીતિ કોઈનાથી છૂપી રહી નથી. ત્યારે ફરી એક વખત હાલ જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેને લઈને ઘણા ઘણા પ્રશ્નો ઊભ થયા છે. આ અંગે હોસ્પિટલ પ્રશાસન તાકીદે શું પગલા લેશે તે હવે જોવાનું રહ્યું.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પ્રતિ દિવસ હજારો દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે ત્યારે અગાઉ ફેબ્રુઆરી મહિનામાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાય હોવાનું જાણકાર વર્તુળ જણાવી રહ્યા છે એટલું જ નહીં ૫૦થી વધુ એજન્સીએ આ ટેન્ડર મેળવવા માટે નોંધણી કરાવી હતી પરંતુ હજુ સુધી ટેન્ડર ખુલ્યા ન હોવાની વિગતો મળી રહી છે અને લોકોએ હેરાનગતિનો સામનો પણ કરવો પડી રહ્યો છે. ઓપીડીમાં મોટા ભાગના દર્દીઓને એક કે બે દવાઓ મળતી જ નથી, જેથી ગરીબ દર્દીઓ મોંઘી દવા બહારથી ખરીદવા મજબૂર બને છે.

અગાઉ દવા ખરીદી અંગે રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં તથા આરોગ્ય કમિશનરની હાજરીમાં વિવાદ વકર્યો હતો. પરિણામ સ્વરૂપે હાલ દરેક પાસાઓને ગંભીરતાપૂર્વક જોઈ તેનું અવલોકન કરી ટેન્ડર ખોલવામાં આવશે તેવું સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું પરંતુ સામે લોકોને જે મુશ્કેલીઓને હાલાકી ભોગવી પડી રહી છે તે અસહનીય છે. તેનો યોગ્ય ઉકેલ આવે તે અત્યંત જરૂરી છે.

આ તમામ વિવાદો વચ્ચે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ પદે ડો. મોનાલી માકડીયાના માર્ગદર્શનમાં અગાઉ ટેન્ડરો બહાર પડ્યા હતા. આ ટેન્ડરની અંદાજિત કિંમત બે કરોડ રૂપિયા હતી. જેમાં દવાઓ, જરૂરી ઇન્જેક્શન, લેબોરેટરી કીટ, અન્ય ઉપયોગમાં લેવાતી કીટ, સહિતની હોસ્પિટલમાં જરૂર પડતી વસ્તુઓ માટે આ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

જેમાં ૫૨ પાર્ટીઓ દ્વારા રસ દાખવી અરજીઓ કરાઈ હતી. ઘણા સમયથી આ ટેન્ડરો પેન્ડિંગ પડ્યા છે. એમાં મહાનગરપાલિકાની ચૂંટણી આવી જતા આચારસંહિતાના કારણે ટેન્ડરો ખૂલ્યા નહોતા. જે પછી જાણવા મળ્યું હતું કે, તબક્કાવાર ટેન્ડર ખોલવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. જેમાં લેબોરેટરીમાં જરૂર પડતી કીટો અને અન્ય સામગ્રી માટેના ટેન્ડર ખુલ્યા હતા. ૭થી ૮ પાર્ટીઓને કામ મળ્યું હતું. આગામી સમયમાં તબક્કાવાર જુદા જુદા વિભાગો માટે જે જે ટેન્ડરો આવ્યા છે તે ખોલવામાં આવશે. તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું.

પણ આ વાતને પણ મહિના જેવો સમય વીતી ગયો. રાજકોટ સિવિલમાં ઓપીડી સારવાર માટે દરરોજ હજારો દર્દી આવે છે. જેમાં મોટા ભાગે દરેક દર્દીને એક કે બે દવા વગર પરત ફરવું પડે છે. દરરોજ અનેક દર્દીઓ આવી ચોકડી મારેલી ફાઈલો સાથે હોસ્પિટલ બહાર આવે છે અને બહારથી દવા લેવા મજબુર બને છે. સિવિલની ઢીલી નીતિના કારણે હાલ દર્દી ઓની સાથો સાથ તેમના સ્વજનો પણ હેરાન પરેશાન થઈ રહ્યા છે. અને સતત એક વાત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે તાકીદે આ અંગે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે જેથી આર્થિક બોજ સગા સંબંધીઓ પર હાવી ના થાય.



**સિવિલની ઢીલી નીતિનું વધુ એક ઉદાહરણ : ૫૨ એજન્સીએ ભર્યાતા ટેન્ડર, હજુ સુધી કોઈ નીવેડો નહીં**